
Registered Under RNI No. GUJGUJ/2010/30943 Under Postal Regd. No.
GAMC - 1745/2019-2021Issued by SSP, Ahmedabad Valid Upto 31/12/2021

PUBLISHED AT 1st OF EVERY MONTH PERMITTED TO THE POST OF A'BAD PSO ON 3rd OF EVERY MONTH


# યુવા સાથી

(Yuva Saathi Gujarati Monthly)



## આપણે સમસ્યાઓમાં કેમ ઘેરાઇ ગયા છીએ ?

VOL. NO. 12, ISSUE NO. 10 ₹20 OCTOBER 2021




એક અવાજ – એક ઉમંગ – એક ચળવળ
જેમના માથે ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી છે
એવા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું
એકમાત્ર ગુજરાતી સામયિક યુવાસાથી

સત્ય અને ન્યાયનો વાહક
તટસ્થ અને નીડર વિશ્લેષણ
પ્રગતિ અને સમૃદ્ધિનો વાહક
શાંતિમય સમાજના નિર્માણ માટે
બાળકોના નૈતિક ઘડતર માટે
યુવાનોને સાચી દિશા ચીંધનાર
યુવાનોના દિલની ધડકન

| | |
|---|---|
| તમારા આ નિષ્ઠાવાન પ્રયત્નોના લીધે આ હૃદયપૂર્વકનો અવાજ દેશના ખૂણે-ખૂણે ગૂંજી ઊઠશે. ઈન્શાઅલ્લાહ. | વાર્ષિક લવાજમ : રૂ.૨૫૦/-<br>ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૬૫૦/- |

મેનેજર, યુવાસાથી ગુજરાતી માસિક : બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, ૧૩૨ ફુટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ -૩૮૦૦૫૫ I E-mail yuvasaathi.monthly@gmail.com I www.yuvasaathi.com

YUVA SAATHI GUJARATI MONTHLY
Bank A/c. No. : 163110100029661 (NEFT)
Bank/ Branch : BOMBAY MERCANTILE CO-OP BANK LTD
IFSC Code: U T I B 0 S B M C B 1
(ZERO)

Affiliated - AXIS BANK LTD

G Pay

PhonePe

9510008614

આના ઉપર પેમેન્ટ પણ કરી શકો છો. પેમેન્ટ કર્યા પછી અમને જાણ કરો. જેથી અમે તમને રસીદ મોકલી શકીએ.

આપની જાહેરાત તેમજ સ્પે. ડોનેશન આપી "યુવાસાથી"ને સદ્ધર બનાવી સમાજના નવનિર્માણમાં આપનો સાથ-સહકાર આપો.

માસિક

# યુવા સાથી

સત્યનો સારથિ

વર્ષ : ૧૨, અંક : ૧૦ | ઓક્ટોબર ૨૦૨૧ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

**તંત્રી**

**ડો. સાકિબ મલિક**

**સહાયક તંત્રી**

**જાબિર માનિગર**

**સંપાદક મંડળ**

**ઇબ્રાહીમ શેઠ**
**મુહમ્મદ ઉમર મનસૂરી**
**મુહમ્મદ કલીમ અન્સારી**
**ફૈસલ અન્સારી**
**ઇસ્માઇલ રાજપૂત**
**સોહેલ તનવીર**
**હમઝા મલિક**
**સાદિક શેખ**

95 1000 8614

yuvasaathi.monthly@gmail.com

**વાર્ષિક લવાજમ** : રૂ.૨૫૦/-

**ત્રિવાર્ષિક લવાજમ** : રૂ. ૬૫૦/-

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMIC ORGANISATION OF INDIA GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

## વિચારવાની ... એક ક્ષણ

### સરનામું એક શરમનું

એક ખુબ અમીર ઘર અને એક ખુબ ગરીબ ઘર આજુબાજુમાં રહેતાં હતાં.

એક દિવસ ગરીબ ઘરના બહેન, અમીરબહેન પાસેથી થોડીક ખાંડ ઉછીની લેવા ગયાં.

અમીર ઘરના બહેને તેમને ઉછીની ખાંડ આપી દીધી.

બીજા દિવસે અમીર ઘરના બહેન, એ ગરીબના ઘરે મીઠું (નમક) ઉછીનું લેવા ગયાં.

ગરીબ ઘરના બહેને મીઠું આપી દીધું.

એ જોઈને અમીર બહેનના પતિએ શાંતિથી પોતાની પત્નીને પૂછ્યું કે,

મીઠું હોવા છતાં તેં મીઠું કેમ ઉછીનું લીધું ?

હવે અમીર બહેનનો જવાબ ધ્યાનથી સાંભળજો...

અમીર બહેને જવાબ આપ્યો કે, એ લોકો ગરીબ છે એટલે એમની પાસે બીજું કંઈ ન હોય,

પણ મીઠું તો હોય જ, એટલે એમને એમ થાય કે અમીરને પણ ગરીબની કયારેક જરૂર પડે છે,

જેથી બીજીવાર એ લોકોને કંઈ પણ જોઈતું હોય તો આપણી પાસેથી લેવામાં શરમ પણ ન લાગે અને પોતાને કયારેય નાના પણ ન સમજે.

બસ આપણાં સમાજમાં આવા લોકોની જ જરૂર છે કે જે ગરીબને પણ માણસ સમજે અને મનમાં એવો વહેમ પણ ન રાખે કે મારે કોઈની જરૂર નથી.

જરૂર તો ધૂળની પણ પડી શકે છે.

● સૌજન્યઃ ત્રિલોકકૂમાર મહેતા

- સદ્‌ભાવના ફોરમ (અરવલ્લી)ના માધ્યમથી

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.




## કુર્આન બોધ

### (૧૦૭) સૂરઃ અલ-માઊન

(મક્કામાં અવતરિત થઈ ● રુકૂઅ : ૧ ● આયતો : ૭)

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

*"તમે જોયો તે માણસને જે પરલોક (આખિરત)ના ઈનામ અને સજાને ખોટાં ઠેરવે છે? તે જ તો છે જે અનાથને ધક્કા મારે છે, અને ગરીબને ભોજન આપવા માટે પ્રેરિત કરતો નથી. પછી વિનાશ છે તે નમાઝ પઢનારાઓ માટે જેઓ પોતાની નમાઝથી બેદરકારી દાખવે છે, જેઓ દેખાડો કરે છે અને સામાન્ય જરૂરિયાતની વસ્તુઓ (લોકોને) આપવાથી બચે છે."*

## અનુક્રમણિકા


**૦૫ મનોમંથન**
મૌલાના કલીમ સિદ્દીકીની ધર્માંતરણ કાયદા અંતર્ગત ધરપકડ એક અન્યાયી પગલું

**૦૬ પૈગામ**
આપણે સમસ્યાઓમાં કેમ ઘેરાઈ ગયા છીએ?

**૧૦ સુર્ખિયોં સે આગે**
શું આર.એસ.એસ. બદલાઈ રહ્યું છે?

**૧૨ ચક્ચાર**
લ્યો!! હવે નાર્કો જીહાદ!!

**૧૬ વિશેષ ચર્ચા**
પશ્ચિમ અને ઈસ્લામનો સંઘર્ષઃ નિર્ણાયક બાબત, નબુવ્વતે મુહમ્મદી ﷺ - ૧

**૨૦ ચિંતન-મનન**
પશ્ચિમનું ઉપભોગતવાદી કલ્ચર અને તેના પરિણામો

**૨૪ મૂળ-પ્રશ્ન**
ઓપન માઈન્ડ અને કોમળ મન

**૨૫ પ્રેરણાદાયી ઘટના**
એક અંધ બિલ્ડરે એકલા હાથે મકાન બાંધ્યું...

**૨૭ વિમર્શ**
ઈસ્લામથી ડરવાની જરૂરત નથી

**૨૯ ઇતિહાસની અટારીએથી**
આજે વચનપાલનનો દિવસ છે

**૩૧ સમીક્ષા**
અર્તૂરૂલ ગાઝી મનોરંજનનું નવું મોડેલ

**૩૪ બાળજગત**
ઘમંડનું પરિણામ

# મૌલાના કલીમ સિદ્દીકીની ધર્માંતરણ કાયદા અંતર્ગત ધરપકડ એક અન્યાયી પગલું

દેશમાં વધતા જતાં લઘુમતી વિરોધી પ્રવૃત્તિઓને કારણે પ્રબુદ્ધ સમાજ ચિંતિત અને વ્યથિત બન્યો છે. દેશના કોઈને કોઈ ખુણે મુસ્લિમોના અત્યાચારનો સાક્ષી બને છે. ક્યારેક ચોરીની આશંકાએ તો ક્યારેક માંસની શંકાએ, ક્યારેક ચૂડી જીહાદના નામે, તો ક્યારેક નારકોટિક્સ જીહાદના નામે મોબ્લીન્ચિંગ, ખોટા કેસમાં ફસાવી, સાક્ષી બનાવી કે કસ્ટોડિયલ ડેથ થકી તેને નિશાન બનાવવામાં આવી રહ્યું છે.

મોબલિંચિંગ એક ક્રૂર અને અસામાજિક તત્વો દ્વારા અંજામ આપવામાં આવેલી ઘટના છે જે હવે સામાન્ય બની ગઈ છે. મુસ્લિમોની માનસિકતા મોબલિંચિંગ જેવી ઘટનાઓ એક સામાન્ય ઘટના થઈ જાય તે રીતે મોબલિંચિંગની ઘટનાને અંજામ આપવામાં આવી રહ્યું છે. મોબલિંચિંગ કરનારી ભીડમાંથી કોઈ વીડિયો ઉતારે છે અને તેને ફેલાવી દે છે. દરરોજ બનતી અસામાન્ય ઘટના ધીરે ધીરે સામાન્ય થવા લાગી છે. લોકો નવાઈ, અચરજ, ગુસ્સો કે પ્રતિકાર કરવાની ક્ષમતા ખોઇ બેસે છે.

મીડિયા દ્વારા આવી ઘટનાઓને એ રીતે પ્રસ્તુત કરવામાં આવે છે જાણે ભીડે ઉચિત કર્યું હોય! પોલીસતંત્ર મોટાભાગના કિસ્સામાં જેની લિંચિંગ કરવામાં આવી હોય તેની ઉપર જ કેસ બનાવે છે અને લિંચિંગની ઘટના પ્રતિકાર સ્વરૂપે બની હોય તે રીતે સ્ટોરી બનાવવામાં આવે છે. કોર્ટ દ્વારા પણ ભીડ પર કોઈ મોટો ચાર્જ કે કેસ લાગતો નથી. તેથી ભીડ કોઈપણ પ્રકારની સખત સજાથી બચી જાય છે. કાર્યવાહી માત્ર કાગળ પર જ રહી જાય છે. તમામ લોકો શંકાના લાભે છૂટી જાય છે. ભારતમાં ભીડ દ્વારા લોકોને માર મારવાનો 'ટ્રેન્ડ' થઈ ગયો છે જેમાં મુસ્લિમો અને દલિતો ખરાબ રીતે નિશાન બની રહ્યા છે.

તાજેતરમાં ધર્માંતરણ વિરોધી કાયદા અંતર્ગત કેટલીક ધરપકડ કરવામાં આવી છે. સૌપ્રથમ મૌલાના ઉમર ગૌતમ અને જહાંગીર ખાનની ધરપકડ કરવામાં આવી તેમની ઉપર ધર્માંતરણ કરવાનો આરોપ છે. હાલમાં મૌલાના કલીમ સિદ્દિકીની ધરપકડ કરવામાં આવી છે. આશ્ચર્યની વાત છે કે સંવિધાનમાં દરેક નાગરિકને પોતાનો ધર્મ પાળવાની, તેનો પ્રચાર-પ્રસાર કરવાની અને ગમે તે ધર્મ અપનાવવાની છૂટછાટ હોવા છતાં ધર્માંતરણ વિરોધી કાયદો બની ગયો જે સંવિધાનની મુળભુત આત્માની વિરુદ્ધ છે. મૌલાનાને મળતા નાણાંકીય ફાળા અને લોકામાં ઇસ્લામ ફેલાવવા બાબતે પૂછપરછ અર્થે ૧૦ દિવસના રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યા છે. આ ધરપકડ સંવિધાન વિરોધી છે અને ઇસ્લામોફોબિયાનું પ્રતિબિંબ છે.

કેટલાક વર્ષોથી મુસ્લિમોમાં ઇસ્લામને ફેલાવવા બાબતે જાગૃતિ આવી છે આ જાગૃતિ હિંદુ રાષ્ટ્ર બનાવવાની ચળવળ માટે કાંટારૂપ હોઇ ફાસીવાદી વિચારસરણી ધરાવતી કેન્દ્ર સરકારને આંખમાં ખૂંચે છે. કેન્દ્ર સરકાર તન-મન-ધનથી આરએસએસને વરેલી છે. બીજેપી આરએસએસની રાજકીય શાખા હોઇ આરએસએસના એજન્ડા પર કામ કરવું તેની ફરજ છે. હિન્દૂ રાષ્ટ્ર બનાવવા માટે સૌથી મોટો અવરોધ સંવિધાન પોતે છે અને બીજો અવરોધ છે ઇસ્લામની સમાનતાની વાત. ઇસ્લામ તમામ લોકોને સમાન ગણે છે તેમના હક્કો અને અધિકારો તેમની જાત રંગ કે નસલ આધારિત નથી હોતા આ નિયમ મનુસ્મૃતિને લાગુ કરવા સૌથી મોટો પડકાર છે તેથી ઇસ્લામના પૈગામને લોકો સુધી પહોંચાડતા અટકાવવા સરકાર આવા કાયદાઓ બનાવી રહી છે.

મુસ્લિમોને નૈતિક રીતે ભાંગી નાખવા ભીડતંત્રનો ઉપયોગ કરવામાં આવી રહ્યું છે.જ્યારે તેમના ધર્મને લોકો સુધી પહોંચાડવાની તેમની સ્વતંત્રતાને કાયદા દ્વારા અટકાવવામાં આવી રહ્યું છે.

પરંતુ એક વાત સ્પષ્ટ છે કે ઈસ્લામ ધર્મ ફેલાવવાનો લક્ષણ ધરાવે છે. આખા વિશ્વમાં તેને માનનારા તેને ફેલાવી રહ્યા છે આ કામ અટકવાનો નથી આ કામને જેટલું અટકાવવામાં આવશે તેટલી જ ઝડપથી સ્પ્રિંગની જેમ ઉછળીને ફેલાશે.

"આ લોકો પોતાના મોઢાની ફૂંકો વડે અલ્લાહના પ્રકાશ (નૂર)ને ઓલવવા માગે છે, અને અલ્લાહનો નિર્ણય એ છે કે તે પોતાના પ્રકાશને સંપૂર્ણપણે ફેલાવીને રહેશે ચાહે ઇન્કાર કરનારાઓને આ કેટલુંય અપ્રિય હોય. (સૂરઃ સફ્ફ-૮)" ⏭

**પૈગામ**



**શકીલઅહમદ રાજપૂત**



# આપણે સમસ્યાઓમાં કેમ ઘેરાઈ ગયા છીએ?

આજે કોઈને પણ મળો, તેમની પાસે આવી વાતો સાંભળવા મળશે. ''બહુ સમસ્યાઓ છે હેરાન થઇ ગયો છું. કંટાળી ગયો છું. એક સમસ્યા ઉકેલાતી નથી ને બીજી આવી જાય છે''. ''એટલા બધા કોયડા છે કે કંઈ સમજાતું નથી કે શું કરવું?'' આખરે સમસ્યા શું છે? શું સમસ્યા કોઈ સ્થિર અવસ્થાનું નામ છે? શું સમસ્યા આશાના આકાશનું અંતિમ બિંદુ છે? શું સમસ્યા એવો કોઈ વળાંક છે જેના પછી કોઈ સુખનો માર્ગ મળવો શક્ય નથી? શું સમસ્યા કોઈ અસંભવ વસ્તુનું નામ છે?

સમસ્યા અણગમતી અથવા હાનીકારક પરિસ્થિતિનું નામ છે. આ પરિસ્થિતિ અપેક્ષિત પણ હોઈ શકે અને અનપેક્ષિત પણ. જ્યાં સુધી કોઈ વસ્તુનો ઉકેલ નથી મળતો ત્યાં સુધી તે સમસ્યા લાગે છે. કોઈ વિદ્યાર્થીને કોઈ પ્રશ્નનો ઉત્તર ન આવડતો હોય તો તેને તે સમસ્યા લાગે છે, પરંતુ જે ઘડી તેને જવાબો મળી જાય, તે ક્ષણે જ તે તેના માટે સરળ બની જાય છે. ગુંચવણનો કોઈ ઉપાય ન મળી જાય ત્યાં સુધી તે સમસ્યા છે. જયારે કોઈ અઘરો વિષય સમજાઈ જાય ત્યારે સમસ્યાનું બાષ્પીભવન થઇ જાય છે. ટૂંકમાં કહીએ તો સમસ્યા કાયમી નથી. તેનું અસ્તિત્વ ત્યાં સુધી જ છે જ્યાં સુધી માણસને તેમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ ન મળી જાય.

સમસ્યા અને સરળતાને સમજવા માટે આ સંસારની વાસ્તવિકતાને સમજવી પડશે. આ સંસારની રચના અને તેનું અસ્તિત્વ કોઈ આકસ્મિક ઘટના નથી. બલ્કે તેના સર્જનહારની આયોજનબદ્ધ યોજના છે. આ સંસારની સ્થિતિ પરીક્ષાખંડ જેવી છે. અને માનવી એક પરીક્ષાર્થી છે. અલ્લાહે પોતાના દૂતો અને પયગંબરો વડે આ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટેનો અભ્યાસક્રમ આપી દીધો છે. અને માણસને સ્વતંત્રતા આપી છે કે તે જેમ ઈચ્છે તેમ લખી શકે છે. હવે જે વિદ્યાર્થીએ અભ્યાસક્રમ મુજબ અને ઈશ્વરે નિમણુક કરેલા શિક્ષકોના માર્ગદર્શન મુજબ કર્મ રૂપી ઉત્તરો લખ્યા હશે, તે સફળ થશે અને જેણે પોતાની મરજીથી ગપાટા માર્યા હશે તે નિષ્ફળ થશે. ભલે ઉત્તરવહીને સુંદર રીતે કંડારી હોય અને મોતી જેવા સુંદર અક્ષરો કાઢ્યા હોય.

જેમ કે કોઈ વિદ્યાર્થી જ્યારે પોતાને સાચા ઉત્તર લખવા સક્ષમ નથી સમજતો ત્યારે તેને એ મોટી સમસ્યા લાગે છે. એ જ પ્રશ્ન તેના મિત્ર માટે સરળ હોઈ શકે છે. અલ્લાહે માનવીને સમજવાની અને વિચારવાની શક્તિ આપી છે. આ તાકાતની પરીક્ષા મુશ્કેલ પરિસ્થિતિ સમયે જ થઇ શકે. મોટા મોટા કોયડા જે ક્યારેક સમસ્યા તરીકે જોવાતા હતા, માનવે પોતાની સમજ શક્તિથી આગળ જતાં ઉકેલી દીધા. બીજી રીતે કહીએ તો મુશ્કેલ પરિસ્થિતિ માણસને આગળ વધવાની, કઈક સર્જનાત્મક કરવાની, કાંઇક નવીન કરવાની, કાંઇક અનુપમ કરવાની પ્રેરણા આપે છે.

આજે આપણે પોતાની આજુબાજુની દુનિયા પર એક નજર કરીએ તો, મનુષ્ય, સમાજ અને દેશ અંગત અને સામુહિક બન્ને રીતે સમસ્યાઓથી ઝઝૂમી રહ્યા છે. પરિસ્થિતિ અને સંજોગો મુજબ વ્યક્તિગત અને સામુહિક સમસ્યાઓ જુદી-જુદી હોઈ શકે, પરંતુ છુટકારો કોઈને નથી. કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે, "હકીકતમાં અમે મનુષ્યને કષ્ટમાં પેદા કર્યો છે" (સૂરઃ અલ બલદ- ૪) અને આ સમસ્યા એટલી વધી ગઈ છે કે માણસ નાસીપાસ થઈ રહ્યો છે, નિરાશ થઇ રહ્યો છે અને ખોટા માર્ગે ચઢી રહ્યો છે. તે હિંમત હારી બેઠો છે અને તેની જીવવાની ઈચ્છા મરી પરવારી છે અથવા જીવનના આનંદથી જ તે વંચિત થઇ ગયો છે. અલ્લાહે એવી કોઈ સમસ્યા પેદા નથી કરી જેનો ઉકેલ ન મુક્યો હોય. અલ્લાહે સફળતા અને નિષ્ફળતાનો અભ્યાસક્રમ એટલે કે સ્પષ્ટ માર્ગ બતાવી દીધો છે. કુર્આનમાં અલ્લાહ પ્રશ્ન કરતાં કહે છે, "અને (ભલાઈ અને બૂરાઈના) બંને સ્પષ્ટ માર્ગો તેને (નથી) બતાવી દીધા ?" (સૂરઃ અલ બલદ- ૧૦)

આપણે જીવનની બીજી બાજુ એ જોવાનું છે. પડકારોને પડકાર ફેંકવાનો છે. અણધારી અને વિપરીત પરિસ્થિતિને બદલવા માટે આપણે વ્યક્તિગત અને સામુહિક રીતે કેટલાક ગુણો પેદા કરવા પડશે. કેટલીક વસ્તુઓનો ત્યાગ કરવો પડશે અને કેટલીક બાબતો અપનાવવી પડશે. સમસ્યાને અનુરૂપ ધૈર્ય સાથે સંઘર્ષ સાથે મેદાનમાં આવવું પડશે. માત્ર સમસ્યાઓના ગીત ગાવાથી કે ચર્ચા વિચારણા કરવાથી કે સોશ્યલ મીડિયા પર મંથન કરવાથી કે કાર્યશીલ લોકો પર ટીકા ટીપ્પણી કરવાથી ક્યારેય કોઈ ઉકેલ આવતો નથી. અલ્લાહ કુર્આનમાં ફરમાવે છે કે, "હકીકત એ છે કે અલ્લાહ કોઈ કોમની હાલત ત્યાં સુધી બદલતો નથી જ્યાં સુધી તે સ્વયં પોતાના લક્ષણો બદલતી નથી,..(સૂરઃ રઅદ- ૧૧)

આજે દેશમાં દરેક સ્તરે નૈતિક અધઃપતન જોવા મળી રહ્યું છે. પરિવાર વિખરાઈ રહ્યા છે. ઘરેલું હિંસામાં વધારો થઈ રહ્યો છે. આર્થિક કટોકટીથી દેશ પસાર થઈ રહ્યો છે.

**સમસ્યા વ્યકિતગત હોય કે સામાજિક એ ત્યાં સુધી જ સમસ્યા છે જ્યાં સુધી તેને પડકારવામાં નથી આવતી. કોઈ નક્કર પરિવર્તન માત્ર લેખો અને પુસ્તકો, સોનેરી શબ્દો અને પ્રવચન થકી શકય નથી. પોતાની અંદર ઉપરોક્ત ગુણો પેદા કરો અને એક જીવિત સમુદાયની જેમ મેદાનમાં આવો.**

ભ્રષ્ટાચાર અને મૂડીના અન્યાયી તથા અયોગ્ય વિતરણથી ધનાઢ્ય અને વંચિતો વચ્ચે મોટી ખાઈ ઉભી થઈ રહી છે તથા મંદી, મોંઘવારી અને બેરોજગારીએ માઝા મૂકી છે. કાયદા વ્યવસ્થા નપુંસક બની ગઈ છે. ગુંડા મવાલીઓને છૂટો દૌર મળી રહ્યો છે. ચારે બાજુ હિંસા હત્યા અને હતાશા દેખાઈ રહી છે. નિર્દોષોનું લીન્ચિંગ, સંસાધનોની લૂંટફાટ પરાકાષ્ટાએ છે. મહિલાઓનું શોષણ અને માનવ તસ્કરી માઝા મૂકી રહી છે. પોલીસ તંત્રના જુલમ અને અત્યાચારની બોલબાલા છે. સામાજિક ભેદભાવ અને ધાર્મિક અસહિષ્ણુતા, ઘૃણા અને તાનાશાહી પોતાની પરાકાષ્ઠાએ છે. સામાજિક અખંડતાને છિન્નભિન્ન કરવામાં આવી રહી છે. મુશ્કેલીઓની એક લાંબી સૂચી છે. અત્યારે બધાને આવરી લેવું મુશ્કેલ પણ છે અને જરૂરી પણ નથી. એક મોટો પ્રશ્ન એ ઉભો થાય છે કે આ પરિસ્થિતિ માટે જવાબદાર કોણ છે? માર્ગ શું છે? ઉકેલ શું છે? જ્યાં સુધી રોગની ઓળખ ન થાય ત્યાં સુધી નિદાન પણ શક્ય નથી.

મૂળ કારણ તો અલ્લાહે અર્પેલ અભ્યાસક્રમથી અજ્ઞાનતા છે. જો તેને સમજી અનુસુર્યા હોત તો કદાચ સમસ્યાઓએ આજે આ વિરાટ સ્વરૂપ ન લીધું હોત. બીજું આપણી પસંદગી માટે આપણે જ જવાબદાર છીએ. આપણે જ કોઈ સમાજ કે ધર્મથી પૂર્વગ્રહોના કારણે, ઈતિહાસના ખોટા અર્થઘટન પર વિશ્વાસ કરી, વ્યક્તિ અને દેશની મૂળ સમસ્યાઓથી આંખે પાટા બાંધી એવા હાથોમાં સત્તા સોંપી છે જેના તેઓ હકદાર નથી. અલ્લાહ સ્પષ્ટ રૂપે આદેશ આપતા કહે છે, "અલ્લાહ તમને હુકમ આપે છે કે અમાનતો અમાનતદાર લોકો (Worthy of Trust)ને સોંપો, અને જ્યારે લોકો વચ્ચે ફેંસલો કરો તો ન્યાયપૂર્વક કરો, અલ્લાહ તમને સર્વોત્તમ શિખામણ આપે છે અને ચોક્કસપણે અલ્લાહ બધું જ સાંભળે અને જુએ છે".(સૂરઃ નિસા-૫૮)

અમાનત કોઈ વસ્તુના સ્વરૂપે પણ હોઇ શકે છે અને લોકોની સામુહિક વ્યવસ્થાના રૂપમાં પણ. કોઈ સંગઠનનો હોદ્દો હોય કે સામાજિક આગેવાની. કોઈ રાઝની વાત કહવી હોય કે શાસનની ધુરા સોંપવાની હોય. આ તેને જ આપી શકાય જેમાં ઈશભય

અને ઉત્તરદાયિત્વની ભાવના હોય. જે ન્યાયી, નિષ્પક્ષ અને નિડર હોય.

ભારતમાં વિવિધ સમુદાયોની સામે જુદા જુદા પડકારો છે. તેઓ સમસ્યાઓથી છુટકારો ઈચ્છે છે, તો તેમને ઊંડું મંથન કરી સક્રિયતા દાખવવી પડશે. સંઘર્ષનો માર્ગ લાંબો હોઈ શકે, પરંતુ તે પરિણામ વગર નહીં જ હોય. આજે દેશમાં વંચિત અને હાંસિયામાં ધકેલાયેલ સમાજોમાં મુસ્લિમ સમાજ પણ છે. એની સમસ્યાનું મૂળ કારણ અભ્યાસક્રમનું ન હોવું નથી બલકે તેના મુજબ તૈયારી ન કરવી છે. આપણે તેને પોતાની બેગમાં મૂકી દીધી છે. આપણી પરિસ્થિતિ એ બનીઇસરાઇલ જેવી થઇ ગઈ છે, જેમકે ગધેડા ઉપર પુસ્તકોનો ભાર મૂકી દેવામાં આવ્યો હોય. તેનાથી તેઓ કોઈ લાભ ઉઠાવતા નથી. આપણે કુર્આનના પ્રકાશમાં પોતાના દરજ્જાને સમજી તેના અનુરૂપ કાર્ય કરવાની જરૂર છે.

મુસ્લિમ સમુદાય પણ સંતુલિત વિચારો પર કાયમ નથી. કાં તો નિરાશા છે કાં પ્રતિક્રિયા છે. બંને છેડાઓની વચ્ચે મધ્યમ માર્ગ અપનાવવાની જરૂર છે. આજ કરતા વધારે વિષમ પરિસ્થિતિ પયગંબર હઝરત મુહમ્મદ સ.અ.વ.ના જીવનમાં જોવા મળે છે. પરંતુ ત્યાં આપણે કુર્આનની આ પંક્તિને સાર્થક થતી જોઈ છે. "તો હકીકત એ છે કે તંગીની સાથે વિપુલતા અને સમૃદ્ધિ પણ છે.(સૂરઃ અલમ નશ્રહ- ૫)

કેટલાક ગુણોને ટૂંક માં સમજીએ.

**૧.પોતાના પદની સભાનતા**

કોમવાદી લોકો મુસલમાનોની છબી પણ એક કોમ તરીકે રજૂ કરે છે. દુર્ભાગ્ય આ છે કે કેટલાક મુસ્લિમ પણ પોતાને એક કોમ તરીકે સ્વીકારે છે. મુસલમાન કોઈ વંશીય કે જાતિગત, સાંસ્કૃતિક કે પરંપરાગત સમુદાયનું નામ નથી. ન તેઓ કોઈ કોમ છે. કોમ બનવા માટે જેટલા આધાર છે એમાં એકમાં પણ મુસ્લિમ સમુદાય ફીટ નથી બેસતો. વાસ્તવમાં તે એક વૈચારિક સમુદાય છે, જે એક અલ્લાહમાં શ્રદ્ધા રાખે છે. તેનું કાર્યક્ષેત્ર પણ કોઈ નિશ્ચિત વંશ, જાતિ, સમુદાય, રંગ કે ભાષા સુધી સીમિત નથી. તેમને તો સૌ માનવોની સેવા, ઉન્નતિ અને ભલાઈઓ તરફ આહ્વાન કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમના આચાર અને વિચાર, કાર્યપદ્ધતી અને પ્રતિક્રિયા બીજી કોમો જેવા ન જ હોઈ શકે. કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે, "હવે દુનિયામાં તે ઉત્તમ સમુદાય તમે છો, જેને મનુષ્યોના માર્ગદર્શન અને સુધારણા માટે મેદાનમાં લાવવામાં આવેલ છે. તમે ભલાઈની આજ્ઞા આપો છો, બૂરાઈથી રોકો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો." (સૂરઃ આલે ઈમરાન- ૧૧૦)

> **જો નક્કર પરિણામ મેળવવા માંગતા હોવ તો લાંબાગાળાની યોજના બનાવો. અને તેને પામવા માટે ધૈર્ય સાથે સંઘર્ષ કરો. ધૈર્ય કોઈ લાચારી કે મજબૂરી નથી બલ્કે એ તો પોતાના સિદ્ધાંતો પર અડગતાનું નામ છે. અને કોઈ સમુદાયમાં જો સંઘર્ષની ભાવના પેદા થઇ જાય તો આશાઓ પુનઃ જીવિત થઇ જાય છે. સંઘર્ષરત માનસિકતા માણસને કમ્ફર્ટ ઝોનમાં રહેવા દેતી નથી...**

તેમની જવાબદારી છે કે તેઓ પોતાની જાતને ઈસ્લામના બીબામાં ઢાળે, પોતાના વાણી વ્યવહારથી ઈસ્લામનું પ્રતિનિધત્વ કરે. ઈસ્લામી મુલ્યો જેમકે પ્રેમ અને સેવા, પ્રમાણિકતા અને ઉચ્ચ નૈતિકતા, ન્યાય અને ભાઈચારા, સમાનતા અને સ્વતંત્રતા, વગેરેનું જતન કરે. માનવીય સમાજને એક અલ્લાહ તરફ બોલાવે અને સફળતાના વાસ્તવિક દષ્ટિકોણથી વાકેફ કરાવે. આજે જયારે કે ઈસ્લામ અને મુસલમાનો વિશે ઘણી બધી ગેર સમજો ફેલાવવામાં આવી છે તેમને દૂર કરે. જુલમ અને અત્યાચારના માહોલમાં પોતાના સિદ્ધાંતો પર કાયમ રહે અને પોતાનું કાર્ય ચાલુ રાખે. જેમ જેમ અંધકાર વધે છે તેમ તેમ પ્રકાશની લૉ વધારવી પડે છે તેમ આજના સમયમાં ઈસ્લામનો સંદેશ પહોચાડવાનું કાર્ય તીવ્ર ગતિએ કરવું પડશે.

**૨. એકતા અને સંગઠન**

સિવાય કોઈ પણ મોટું પરિવર્તન વ્યક્તિગત રીતે શક્ય નથી. તેના માટે સંગઠન શક્તિ જરૂરી છે. અને ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિ માટે એકથી વધુ સંગઠન હોઈ શકેછે. તેની વચ્ચે સંકલન અને નિખાલસતા હશે તો તેઓ એક બીજાના પ્રતિસ્પર્ધી બનવાને બદલે એક બીજાને મદદરૂપ બનશે. જે સમુદાયમાં વિખવાદ હોય તે સફળતાના માર્ગે ચાલી શકતો નથી. સંગઠનને વધુ પ્રભાવશાળી બનાવવા માટે પરામર્શ હોવો જરૂરી છે કે જેથી જોડાયેલા કાર્યકરો વચ્ચે વિશ્વાસ પેદા થાય.

**૩. કુશળ નેતૃત્વ**

ત્રીજી વસ્તુ, સમુદાયોની પ્રગતિના પંથે લઈ જવા માટે પ્રભાવપૂર્ણ નેતૃત્વનું હોવું જરૂરી છે.

એવી વ્યક્તિના હાથમાં ધુરા આપવામાં આવે જેમાં ઈશભય હોય. જે દીર્ઘ દ્દષ્ટા અને તત્વદર્શી હોય. જેને સમકાલીન વિચારો અને તેની મર્યાદાઓનું સારું જ્ઞાન ભાન હોય. જેમાં નીડરતા અને શૂરવીરતા હોય. એ સંગઠન કમજોર પડી જાય છે જેમાં નેતૃત્વ, વંશીય, ધન અથવા બીજા કોઈ આધારે આપવામાં આવતું હોય છે. બની ઈસરાઈલે જયારે નબીથી કહયું કે અમારા માટે પણ કોઈ એક બાદશાહની નિમણુક કરી દો. નબીએ અલ્લાહના આદેશથી જેની નિયુક્તિ કરી તેના વિશે આ લોકોએ અવિશ્વાસ પ્રગટ કર્યો તો નબી (અલૈ.)એ કહ્યું ‘‘અલ્લાહે તમારી સરખામણીમાં તેને પસંદ કર્યો છે અને તેને બૌદ્ધિક અને શારીરિક બંને પ્રકારની લાયકાતો ભરપૂર પ્રમાણમાં પ્રદાન કરી છે...’’ (સૂરઃ બકરહ- ૨૪૭)

### ૪. નેતાગીરીનું અનુસરણ

ચોથી બાબત, નેતૃત્વને સફળ બનાવવા માટે સૌથી વધુ જે વસ્તુની જરૂર છે તે છે શર્તવિહીન આજ્ઞાપાલન. આ મોમીનોનો વિશિષ્ટ ગુણ છે. ઘણા લોકો છે જેઓ દૂરથી દરિયાની મૉજના ઉપર હિલોળે ચઢતા જહાજો પર ટીકા કરે છે, તેઓ મજધારમાં જાય તો ખબર પડે કે નાવને કેવી રીતે નિયંત્રિત કરવામાં આવે છે. અને કેપ્ટન ઉપર કેટલો વિશ્વાસ મુકવામાં આવે છે. ઘણા એવા પ્રશ્નો હોઈ શકેછે, જે જોડાયેલ વ્યક્તિની સમજ બહાર હોય. પરંતુ ડ્રાયવીંગ સીટ પર બેસેલા વ્યક્તિને ખબર હોય છે કે ક્યાં બ્રેક મારવી છે, ક્યાં ધીમે હંકારવી છે અને ક્યાં ઝડપથી જવું છે. નેતૃત્વ જો સ્વાર્થી નથી તો કોઈ કારણ નથી કે તેના ઉપર વિશ્વાસ કરવામાં ન આવે. જેઓ નાની નાની બાબતોમાં આજ્ઞાપાલન કરતા નથી, તેમનાથી વફાદારીની કોઈ મોટી આશા રાખી શકાતી નથી. બની ઈસ્લારાઈલની ઉપરોક્ત ઘટના ને આગળ વધારતાં કુર્આન કહે છે, ‘‘પછી જયારે તાલૂત લશ્કર લઈને નીકળ્યો, ત્યારે તેણે કહ્યું, ‘‘એક નદી ઉપર અલ્લાહ તરફથી તમારી કસોટી થવાની છે. જે તેનું પાણી પીશે, તે મારો સાથીદાર નથી. મારો સાથીદાર માત્ર તે છે, જે તેનાથી તરસ ન છિપાવે; હા, એકાદ ખોબા જેટલું કોઈ પી લે, તો પી લે.‘‘ પરંતુ એક નાના જૂથ સિવાય તેમણે બધાએ જ તે નદીનું ખૂબ પાણી પીધું.પછી જયારે તાલૂત અને તેના સાથીદાર મુસલમાનો નદી ઓળંગીને આગળ વધ્યા, તો તેમણે તાલૂતને કહી દીધું કે આજે અમારામાં જાલૂત અને તેની સેનાઓનો મુકાબલો કરવાની શક્તિ નથી, પરંતુ જે લોકો એ સમજતા હતા કે એક દિવસે તેમને અલ્લાહને મળવાનું છે, તેમણે કહ્યું, ‘‘ઘણીવાર એવું બન્યું છે કે એક નાનું જૂથ અલ્લાહના આદેશથી એક મોટા જૂથ ઉપર વિજયી થયું છે. અલ્લાહ ધૈર્ય રાખનારાઓનો સાથી છે.’’ (સૂરઃ બકરહ- ૨૪૯)

### ૫. સકારાત્મક વિચારો અને હિંમત કેળવો

પંચતંત્રમાં હાથીની વાર્તા આપણે સાંભળી છે . જેમાં એક બાળ હાથીને સાંકળથી બાંધવામાં આવે છે. મોટા અને તાકતવર થયા પછી પણ તે એમજ સમજે છે કે તે આ બંધનને તોડી શકતો નથી. જો આવી માનસિકતા હોય તો ક્યારેય કોઈ પરિવર્તન આણી શકાતું નથી. નબી સ,અ,વ, હંમેશા જીવનના ઉજ્જવળ અને હકારાત્મક પાસાને જોતા હતા. અને હંમેશા સહાબાને તેજસ્વી બાજુ બતાવતા હતા. પરંપરાના બંધનો તોડી, આળસ અને લાપરવાહીના વસ્ત્રો ચીરી હિંમત સાથે મેદાનમાં આવીશું તો સારા પરિણામો જરૂર મળશે.

### ૬. ધૈર્ય અને સંઘર્ષ

સફળતા અને વિશાળ પરિવર્તન ક્યારેય નાના ગાળે શક્ય નથી. જો નક્કર પરિણામ મેળવવા માંગતા હોવ તો લાંબાગાળાની યોજના બનાવો. અને તેને પામવા માટે ધૈર્ય સાથે સંઘર્ષ કરો. ધૈર્ય કોઈ લાચારી કે મજબૂરી નથી બલ્કે એ તો પોતાના સિદ્ધાંતો પર અડગતાનું નામ છે. અને કોઈ સમુદાયમાં જો સંઘર્ષની ભાવના પેદા થઇ જાય તો આશાઓ પુનઃ જીવિત થઇ જાય છે. સંઘર્ષરત માનસિકતા માણસને કમ્ફર્ટ ઝોનમાં રહેવા દેતી નથી. તે દરેક અવસરને માણે છે, અને દરેક પડકારને પડકારે છે.


**ટૂંકસાર :** અત્યારે ટૂંકમાં જે ચર્ચા કરી તેનો સાર આ છે કે સમસ્યા વ્યક્તિગત હોય કે સામાજિક એ ત્યાં સુધી જ સમસ્યા છે જયાં સુધી તેને પડકારવામાં નથી આવતી. કોઈ નક્કર પરિવર્તન માત્ર લેખો અને પુસ્તકો, સોનેરી શબ્દો અને પ્રવચન થકી શક્ય નથી. પોતાની અંદર ઉપરોક્ત ગુણો પેદા કરો અને એક જીવિત સમુદાયની જેમ મેદાનમાં આવો.

**ઝીંદા રખતી હૈ જમાને કો હરારત તેરી**
**કોકબે કિસ્મતે ઈમ્કાન હૈ ખિલાફત તેરી.**

⏭


**Prince Fabrication**

PF
Akil bhai M. 9426584514
Ibrahim bhai M. 9723713519
Ismail bhai M. 9409407917



ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

205, LOKHANDWALI'S CHAWL, OPP. MOHAMMADI MASJID, RAKHIYAL ROAD, BAPUNAGAR, AHMEDABAD - 380024 (O) : 079 - 22742658




# શું આર.એસ.એસ. બદલાઇ રહ્યું છે?

## સંઘને તેના ઓફિસિયલ નિવેદનો અને વકતવ્યથી સમજવાની જગ્યાએ વાસ્તવિક દુનિયા અને ધરતી ઉપર તેમની પ્રવૃત્તિઓથી સમજવું જોઈએ.

**સુર્ખિયોં સે આગે**



**શબીઉઝ્ઝમાં (પુના)**

**હમણા** મોહન ભાગવતનું એક નવું નિવેદન સામે આવ્યું જેમાં તે હિંદુ-મુસ્લિમની એકતાની વાત કરે છે. ત્યાં લગી કહી ગયા કે જો કોઈ નિર્દેશ કરશે તો RSS પોતાની વિચારસરણી પર ફેર વિચારણા કરવા તૈયાર છે. છેલ્લા કેટલાક સમયથી મોહન ભાગવતના આ પ્રકારના કેટલાય નિવેદનો સામે આવ્યા છે. હિંદુ અને મુસ્લિમ સમાજના કેટલાક લોકો અને મીડિયામાં કેટલાક લોકો આ નિવેદનોનું એ અર્થઘટન કરી રહ્યા છે કે સંઘમાં પરિવર્તન આવી રહ્યું છે, અને સંઘ બદલાઈ રહ્યું છે? શું સંઘ ખરેખર બદલાઈ રહ્યું છે? સંઘની આ નીતિનું મૂલ્યાંકન બે રીતે કરવું જોઈએ.

હાલના સમયમાં સંઘ ભારતમાં સૌથી મજબૂત સંસ્થા છે. સંઘની રાજકીય સંસ્થા ભાજપ ભારે બહુમતીથી સરકાર ચલાવી રહી છે. એના પ્રચારક રહી ચૂકેલા નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન છે. જો સંઘ બદલાઈ રહ્યું હોય તો ભારતમાં મુસલમાનો સાથે પણ તેમનું વલણ બદલાવું જોઈતુ હતું. પરંતુ પાછલા ૭ વર્ષના બનાવો, પરિસ્થિતિ અને ડેટા કહી રહ્યા છે કે મુસલમાનો વિરુદ્ધ હિંસા આ સમયગાળામાં વધી છે. મોબલિંચિં જેવા ભયાનક અપરાધો સતત વધી રહ્યા છે. દિલ્હી, બિહાર, બંગાળ, ઉત્તર ભારત અને કર્ણાટકમાં હુલ્લડો આ જ સમયગાળામાં થયા. કોરોના અને તબ્લીગી જમાઅતના એપિસોડ પછી સમગ્ર ભારતમાં મુસલમાનો ઉપર હુમલા થયા અને તે ઉપરાંત હિંસાની પરિભાષા સામાન્ય થઈ ગઈ. પછી ભલેને તે ગૃહપ્રધાન અમિત શાહ હોય કે સરકારના અન્ય પ્રધાનો કે પછી ભાજપ કે RSS સાથે જોડાયેલા લોકો હોય કે અન્ય હિંદુત્ત્વવાદી, કોઈને પણ મુસલમાન વિરોધી હિંસાની ભાષાનો પ્રયોગ કરવા કે જિનોસાઈડ પર ઉશ્કેરણી કરવામાં ખચકાતા નથી. આ બધી ઘટનાઓને રોકવા માટે સંઘ તરફથી કોઈ ગંભીર પગલા લેવા તો દૂરની વાત, નામપૂર્તિ પણ કોઈ હલચલ હાથ ધરાઈ દેખાતી નથી. ન જ તેની કેન્દ્રીય નેતાગીરી અને ન જ તેમના મુખપત્ર પંચજન્ય અને ઓર્ગેનાઇઝરે ક્યારેય ચિંતા પ્રગટ કરી છે. આનાથી વિપરીત તેઓ તો હિંસાને ઉચિત સાબિત કરતા નજરે પડે છે.

**સંઘે પોતાની વિચારસરણીમાં ક્યારેય ફેરફારનો સંકેત નથી આપ્યો. તેની મૂળભૂત વિચારસરણી એ જ છે કે મુસલમાનો અને ખ્રિસ્તીઓ આ દેશમાં બહારની કોમો છે અને તેઓને બીજા વર્ગના નાગરિક બની રહેવાનું છે. તેમને સત્તાના કેન્દ્રોથી ગમે તે ભોગે દૂર રાખવાના છે. તેમજ હિન્દુ સમાજના માળખામાં કોઈ ફેરફારની જરૂર નથી. તેને જે છે એ જ પ્રમાણ કાયમ રાખી હિન્દુ રાષ્ટ્રનું નિર્માણ કરવાના પ્રયત્નો કરવાનો છે.**

અત્રે સ્પષ્ટ થવું જોઈએ કે સંઘે પોતાની વિચારસરણીમાં ક્યારેય ફેરફારનો સંકેત નથી આપ્યો. તેની મૂળભૂત વિચારસરણી એ જ છે કે મુસલમાનો અને ખ્રિસ્તીઓ આ દેશમાં બહારની કોમો છે અને તેઓને બીજા વર્ગના નાગરિક બની રહેવાનું છે. તેમને સત્તાના કેન્દ્રોથી ગમે તે ભોગે દૂર રાખવાના છે. તેમજ હિંદુ સમાજના માળખામાં કોઈ ફેરફારની જરૂર નથી. તેને જે છે એ જ પ્રમાણે કાયમ રાખી હિંદુ રાષ્ટ્રનું નિર્માણ કરવાના પ્રયત્નો કરવાનો છે. મુસલમાનો સંબંધી તેમની આ વિચારધારા લવજિહાદ, ધર્મપરિવર્તન, વસ્તીનો ભ્રમ, મુસ્લિમ અંતિમવાદી ચર્ચાઓથી ફલિત થાય છે. તેનું મુખપત્ર પંચજન્ય અને ઓર્ગેનાઈઝર મુસ્લિમ વિરોધી ચર્ચાઓથી ભર્યા પડ્યા છે. સંઘની વિચારસરણીમાં કોઈ પ્રકારનું કોઈ જ પરિવર્તન દેખાતું નથી. સ્વયં મોહન ભાગવતના આ નિવેદનમાં મુસલમાનોના બાહ્ય આક્રમણનો ઉલ્લેખ મોજૂદ છે.

પછી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે સંઘે આટલી લાંબી લડાઈ લડ્યા પછી, મહાપરિશ્રમ પછી સત્તા મેળવી છે અને હવે જ્યારે કે તે એક મજબૂત સ્થાને છે અને પોતાના સ્વપ્નોનું ભારત એટલે કે હિંદુ રાષ્ટ્ર બનાવી શકે છે તો તે આવા નિવેદનો કેમ કરી રહ્યું છે, જેનાથી તેનું ધ્યેય-વલણ બદલાતું જણાઈ રહ્યું છે.

પ્રથમ તો આ પ્રકારની વાતો દ્વારા મુસલમાનોને પોતાની વિચારસરણી સ્વીકારવા પર રાજી કરવાનો છે. અથવા તો પ્રોફેસર અપૂર્વાનંદના શબ્દોમાં મુસલમાનોને 'પાલતુ' બનાવવાના પ્રયત્નો કરવાનો છે. મુસ્લિમ રાષ્ટ્રીય મંચ આ પ્રયત્નનો નિષ્ફળ પ્રયોગ છે. મુસ્લિમ રાષ્ટ્રીય મંચ સાથે જોડાયેલ મુસલમાનોની મેઈનસ્ટ્રીમ મુસ્લિમ સમાજમાં કોઈ સ્થાન કે કિંમત નથી. તેથી સંઘ હવે મુસ્લિમ સમાજના બીજા વર્ગોની તરફ વાર્તાલાપ કરવાનો હાથ લાંબો કરી રહ્યો છે અને ઈતિહાસથી આ બાબત ફલિત થાય છે કે સરસાઈ ધરાવતા અને અશ્રિતોની વચ્ચેના વાર્તાલાપમાં અશ્રિતોના ભાગે વંચિત થવા સિવાય કંઈ ભાગે આવતું નથી.

બીજું ધ્યેય આ હોઈ શકે કે સંઘ આવી ઘોષણા દ્વારા લોકોને ગેરમાર્ગે દોરે છે. ભારત અને વિદેશમાં બેસેલા આલોચકોને એક પ્રકારની વિમાસણમાં મૂકી દેવાય છે. આવી જ રીતે હિંદુ સમાજના એ લોકો જે સંઘની કેટલીક નીતિથી તો સહમત હોય છે. પણ તેના હિંસક વલણને પસંદ કરતા નથી, તેમને એક પ્રકારે ગેરમાર્ગે દોરાય છે.

હકીકત આ છે કે અન્ય સંસ્થાઓની સરખામણીમાં સંઘને સમજવી મુશ્કેલ છે. તેનું કારણ આ છે કે સંઘને તેના નેતાઓના ઓફીસિયલ નિવેદનોથી સમજી શકાતુ નથી. જો તેને આ રીતે સમજવાના પ્રયત્નો કરાશે તો ધોકો ખાઈ જવું અનિવાર્ય છે. કેમકે સંઘ જે કંઈ પ્રજામંચ ઉપરથી કહે છે અને જે કંઈ કરે છે તેમાં તફાવત રહેલો છે. આમ આ વિરોધાભાસ તેમના સાહિત્યમાં પણ દેખાય છે. જ્યાં વાંચકને બન્ને પ્રકારની વાતો દેખાય છે.

સંઘમાં દેખાવ પૂરતું ઘણું બધું થાય છે. અને સંઘનો કેડર આ વાતને સારી પેઠે જાણે છે. સંઘ અને તેનું કેડર સારી રીતે જાણે છે કે આ પ્રકારના નિવેદનો રાજકીય મજબૂરીના કારણે હોય છે. મૂળ વાત તો એ જ છે જે આપણને રાત-દિવસ શીખવાડવામાં આવે છે. અને એ જ આપણી પાયાની ચિંતા છે. એટલે જ સંઘને તેના ઓફિસિયલ નિવેદનો અને વકતવ્યથી સમજવાની જગ્યાએ વાસ્તવિક દુનિયા અને ધરતી ઉપર તેમની ગતિવિધિઓ-પ્રવૃત્તિઓથી સમજવાની જરૂર છે.

**યૂં તો કભી મું ફેર કે દેખો ભી નહી હો**
**જબ વક્ત પડે હૈ તો મદારાત કરો હો**
**દામન પે કોઈ છીંટ ન ખંઝર પે કોઈ દાગ**
**તુમ કત્લ કરો હો કે કરામાત કરો હો**

⏭

**ચકચાર**



**એન્જી. મુ. ઉમર વહોરા**

# લ્યો!! હવે નાર્કો જીહાદ !!

**ગુજરાત**ની રૂપાણી સરકારે જતાં પહેલા ધર્માંતરણનો નવો કાયદો ૨૦૦૩ના કાયદાને સુધારીને કર્યો. આ કાયદાની ઘણી કલમો વિવાદાસ્પદ હતી. અને સ્પષ્ટ રીતે પાયાના અધિકારો સાથે ટકરાતી પણ હતી. હાઈકોર્ટમાં તેને ચેલેન્જ કરવામાં આવ્યો અને કોર્ટે તેની ઘણી બધી કલમો ઉપર સ્ટેટ્સ કો ઓર્ડર આપી દીધો. સરકારે તેમાંથી કલમ-૫ને સુધારવા ફરીથી અરજી કરી જેને પણ સ્પષ્ટ રીતે હાઈકોર્ટે નકારી દીધી. લવજેહાદ શબ્દપ્રયોગ જયારથી પ્રચલિત કરવામાં આવ્યો છે ત્યારથી જ તે અત્યંત વિવાદાસ્પદ રહ્યો છે. ગુજરાત સરકારે પણ આ ધર્માંતરણના કાયદામાં ક્યાંય તેનો ઉલ્લેખ નથી કર્યો, છતાં બધી ચર્ચાઓમાં સેન્ટર સ્ટેજ ઉપર આ લવજેહાદ શબ્દપ્રયોગ ચર્ચાની એરણે રહ્યો.

હવે તો જાણે જીહાદ ગુજરાતીમાં જેહાદ, શબ્દ પ્રયોજવાની હરીફાઈ લાગી ગઈ છે. લેન્ડજેહાદ, કોરોનાજેહાદ, નાર્કોજેહાદ.. વિગેરે.. અને હવે છેલ્લે ગુજરાત સરકારના એક સેક્રેટરી ભટ્ટ સાહેબે ડીજીપીને પત્ર લખ્યો છે. તેમાં બીજા બધા ગુનાઓની સાથે આ લવજેહાદનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. આની ઉપર ઘણા સંગઠનોએ વાંધો લીધો છે અને તેનો અહેવાલ પણ અખબારોએ છાપ્યો છે.

આપણે નાના હતા ત્યારે ભૂત, પ્રેત, ચુડેલ અને આવા વહેમોથી આપણને ડરવાનું શીખવાડવામાં આવ્યું. આજે પણ ઘણા અખબારો અને ટીવી સિરિયલોમાં અગોચર મનની અજાયબીઓ છપાતી-બતાવાતી રહે છે. અને તેની ખાસ અસર મોટી ઉંમરે વૈજ્ઞાનિક અભિગમથી વિચારવાળા લોકોમાં પણ દેખાય છે. હવે આ જ રીતે મુસલમાનોને ટાર્ગેટ કરીને જેહાદ શબ્દ જે રીતે ઉછાળવામાં આવી રહ્યો છે તે ક્યાં જઈને અટકશે તે કહેવું ઘણું



મુશ્કેલ છે. ભૂત પ્રેતની જેમજ મુસલમાનનું આ ભયંકર સ્વરૂપ બિન મુસ્લિમ દેશ બંધવોના માનસપટ પર આવીજ ડરામણી અસર ઉભી કરેછે.આ અસરોથી પ્રભાવિત માનસ બધીજ કોમન સેન્સ એટલે કે સાદી સમજ બાજુ પર મૂકી આ ચિત્રણ જેમનું તેમ સ્વીકારી લે છે. આનું કારણ સમજવાની જરૂર છે. જે રીતે હિન્દુત્વ વાદી લોકો ખાસ કરીને આર.એસ.એસ.થી જોડાયેલ સંસ્થાઓ જે અપપ્રચાર અને કુપ્રચાર મુસલમાનો તથા ઈસ્લામ બાબતે હથોડા પીટીને મીડિયામાં ફેલાવી રહી છે, તેના લીધે જેહાદ શબ્દ બહુ catchy આકર્ષક બની ગયો છે. જિહાદ શબ્દ સંઘર્ષ દર્શાવે છે, તેમાં બીજાને મારી નાંખવાની વાત જ નથી. આ સમજૂતી પછી પણ તેનો પ્રચલિત ઉપયોગ હવે સ્પષ્ટ રીતે ઈસ્લામ-મુસલમાનોને બદનામ કરવા સારૂ જ લેવાઈ રહ્યો છે, તે પણ સમજવું રહ્યું.

અફઘાનિસ્તાન પ્રકરણ ચાલતાં ઈસ્લામોફોબિયાને ભારતમાં, દેશભરમાં હવે દોડવું હતું અને ઢાળ મળી ગયો છે. કાયદાને ઘોળીને કઈ રીતે પી જવું તે આ હિંદુત્વવાદી અનિષ્ટ તત્વોને હવે ખૂબ ફાવી ગયું છે. માધ્યમોમાં પણ કટાર લેખકો, તંત્રીઓ અને એંકર્સ સીધી તથા આડીઅવળી બંન્ને રીતે તેને ચગાવેલ રાખે છે. મુસલમાનોને જે રીતે કોર્નર કરી દીધા છે, તેમાં તેમનો ખુલાસો નતો રાજકીય પક્ષો કે માધ્યમો સમજવા તૈયાર છે, ન તો બીજા સમુદાયના લોકો. આજે દ્વેષ અને કિન્નાખોરીએ જે વરવું સ્વરૂપ ધારણ કરી લીધું છે તેને સુધારતા ઘણા વર્ષો લાગી જશે, એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. બિનસાંપ્રદાયિક લોકો, સીવીલ સોસાયટી, સમજુનાગરિકો, બૌદ્ધિકો, બધા જ લાચારી અનુભવી રહ્યા છે અને નિરપેક્ષ ભાવે આ નાટક નિહાળી રહ્યા છે. એક તરફ અફઘાનિસ્તાનના પ્રશ્ને લઘુમતી તથા મહિલાઓ બાબતે જે આશંકાઓ આપણા માધ્યમો તથા બુદ્ધિજીવીઓ વ્યક્ત કરી રહ્યા છે તેજ પ્રશ્નો અહીં આપણી આસપાસ જ વિકરાળ સ્વરૂપે પ્રગટ હોવા છતાં આંખ આડા કાન કરવામાં આવે છે, તે સાચે જ આશ્ચર્યજનક છે.

હવે આવીએ આ લેખના મુખ્ય મુદ્દા તરફ. કેરાલાના એક બિશપ, જોસેફ કાલારંગાટ્ટુ નાર્કોટિક જેહાદના નારા સાથે મેદાનમાં કૂદી પડ્યા છે. આ સંઘ પરિવારનો શબ્દપ્રયોગ ખ્રિસ્તી પાદરી દ્વારા વાપરવો કેટલો ખતરનાક છે, તે સમજવું કોઈના માટે મુશ્કેલ નથી. ભારત જેવા બિનસાંપ્રદાયિક દેશમાં ધાર્મિક સમુદાયો વચ્ચેના સંબંધો ખૂબ નાજુક હોય છે. દેશ, કોઈ ધર્મ કે માન્યતાને સીધી રીતે એકને બીજા પર સરસાઈ નથી આપી શકતો. નાગરિકને અધિકાર આપે છે કે તે પોતાની પસંદગીનો ધર્મ અને માન્યતા અપનાવી શકે છે. આ સંતુલન સીધી કે આડકતરી રીતે બગડવું ન જોઈએ તે જોવાની જાળવવાની રાજયની ફરજ છે. કોઈ પણ ધર્મને ખતરનાક બતાવવો અને તે પણ કોઈ મજબૂત આધાર વગર, તે ખરેખર સમાજના ધાર્મિક સોહાર્દને છિન્નભિન્ન કરી શકે છે. કેરાલાના ત્રણે ધર્મો હિન્દુ મુસ્લિમ તથા ઈસાઈએ આ ધ્યાન રાખવું પડે. એ વાત સાચી છે કે આજનું યુવાધન બહુ જ ઝડપથી નશાની લતે ચઢી રહ્યું છે અને તેને સંભાળવું આપણા સૌની સહિયારી ફરજ બની રહે છે, ત્યારે કોઈ એક કોમ કે સમુદાયને નિશાન બનાવવું બિલકુલ યોગ્ય નથી. ગુજરાતમાં અદાણી બંદરેથી હમણાં જ ૩૦૦૦ કિલો ડ્રગ પકડાયું, જેની કિંમત ૨૧૦૦ કરોડ અંકાઈ છે, તે અતિ ભયંકર પરિસ્થિતિ દર્શાવે છે. આ તો ડ્રગ કારોબારમાં હિમશીલાની ટોચ છે તેમ ઘણા નિષ્ણાતોનું આકલન છે. આનાથી ધ્યાન હઠાવવા નવા ફન્દા ગોઠવવા પડે. જે મીડિયા ૫૯ ગ્રામ ડ્રગને લઈ સુશાંતસિંહ રાજપુત કેસમાં દિવસો સુધી ચૂપ નહોતું રહેતું,તે એકદમ ચૂપ છે તે સમજવું રહ્યું.અફઘાનિસ્તાન કે મુસ્લિમ એન્ગલ શોધવાની કોશિશો પણ થઈ રહી છે જેથી પ્રજાને ભ્રમિત કરી શકાય.

કેરાલા એવું રાજય છે જયાં ત્રણેય ધર્મોના સમુદાયો ઘણા મોટા પ્રમાણમાં વસી રહ્યા છે. રાજકીય તથા આર્થિક હરીફાઈમાં ખાસ કરીને સંસાધનોની વહેંચણીમાં જેમકે શિષ્યવૃત્તિ કે રોજગારીમાં આ બહુ તીક્ષ્ણ રીતે વર્તાય છે. દરેક સમુદાયને પોતાનો હિસ્સો પ્રમાણસર માગવાનો અધિકાર છે. અને રાજકીય પ્રભુત્વ આ બાબતને ચોક્કસ બનાવી શકે છે.ધાર્મિક નેતાગીરીને સરકારની કેટલીક પોલિસીઓ પોતાના હિતને નુકસાન કારક લાગી શકે છે અને આ સરકારની જવાબદારી છે કે તે આ ભ્રમ અને ભય દૂર કરે. કેરલ એક વિશિષ્ટ રાજય છે. હિંદુ બહુમતિની સાથે મુસ્લિમ તથા ખ્રિસ્તી લોકો દ્વારા તે એક સંતુલિત અને મજબૂત રાજકીય તથા ચૂંટણીલક્ષી સમીકરણ બનાવે છે. ખ્રિસ્તી બહુમતી તો ફક્ત ઉત્તરપૂર્વીય રાજયો મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ વિ. માં જ જોવા

મળે છે એટલે કેરાલામાં ખ્રિસ્તી પાદરીના આ ઉદગારો સંઘ પરિવારની વિભાવનાને જ મજબૂત કરે છે, તે સમજવું રહ્યું. અને આ સાચે જ ખતરાની ઘંટડી છે કેમકે સંઘ પરિવારની આ જાળમાં તેઓ જાણે-અજાણે ફસાઈ રહ્યા છે.

છેલ્લા કેટલાક વર્ષોથી કેરાલાના ખ્રિસ્તીઓ રાજય સરકારના મુદ્દાઓને લઇ મુસલમાનોને નિશાન બનાવી રહ્યા છે. ખાસ કરીને મુસલમાનોને સરકારી સહાયમાં જે મોટો ફાળો મળી રહ્યો છે, તે બાબતે. રાજકીય પંડિતો તથા માધ્યમોની વાત માનીએ તો કેથોલિક ચર્ચ ભાજપની નજીક સરકી રહ્યું છે. ભાજપાની ટોચની નેતાગીરી સાથે આ વર્ષની શરૂઆતમાં જે મીટીંગો થઇ તેની અસર પણ વર્તાઇ રહી છે. ખ્રિસ્તી ચર્ચ બીજેપી તથા આરએસએસથી સુરક્ષિત નથી અને ભયભીત પણ છે. છતાં દેશની બદલાયેલા રાજકીય પરિસ્થિતિમાં તેને પડકારવાની પરિસ્થિતિમાં નથી. હવે, જયારે કોંગ્રેસમાં દમ નથી રહ્યો તો રાજકીય રીતે ભાજપની સોડમાં ભરાવવું તેને વધારે લાભદાયી દેખાઈ રહ્યું છે. કેથોલિક ચર્ચ હજારો શિક્ષણ સંસ્થાઓ અને સ્વાસ્થ્ય કેન્દ્રો ચલાવી રહી છે. સાથે સાથે હજારો NGO પણ ચલાવી રહી છે, જે વિદેશથી ફંડ મેળવી આ સંસ્થાની પ્રવૃત્તિઓ ચલાવે છે. સરકાર દ્વારા fcraનો સકંજો મજબૂત થતા ફંડની અછત વર્તાઈ રહી છે. મોદી સરકારે ખ્રિસ્તીઓના ફાધર્સ અને સિસ્ટરને જે લાભો ઇંક્મટેક્સમાં મળતા હતા તે પણ રદ કરી દીધા છે. આ બધા કારણોસર ચર્ચ હવે ભારે નાણાભીડ અનુભવી રહ્યા છે. ચર્ચની મિશનરી પ્રવૃત્તિઓ ખાસ કરીને ધર્મ પરિવર્તન, જે દલિતો અને આદિવાસીઓમાં થઈ રહ્યું હતું, તેના લીધે ભાજપ અને હિન્દુ જમણેરી સમૂહ સાથે તેનો મનમેળ શક્ય નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની જાન્યુઆરી ૨૦૨૧ની મીટીંગમાં આ બધા મુદ્દા ચર્ચાયેલ. પરંતુ ચર્ચ નેતાઓએ આ જવાબ મીડિયામાં આપવાનું ટાળી દીધેલ.

આ રાજકીય અને જમીની પરિપ્રેક્ષ્યમાં ભાજપા કેરાલામાં પોતાનો પગપેસારો કરી શકતું નથી. તેથી તેને મુસલમાન અથવા ખ્રિસ્તીઓનો સહયોગ મેળવવો ખૂબ જરૂરી છે. હવે જયારે ઇસ્લામોફોબિયા તેના શિખરે છે ત્યારે મુસલમાનો સાથે બેસવું વિચારી જ નથી શકાતું. એટલે જ ખ્રિસ્તીઓને પડખે લેવાનો વિકલ્પ જ બચી રહે છે. કેમકે ભાજપાનો મુખ્ય મુદ્દો મુસલમાનો સામેનો દ્વેષ ટકાવવો, ધ્રુવીકરણ માટે ખૂબ જરૂરી છે. કેરાલાના દ્વિપક્ષીય રાજકારણમાં ત્રીજું પરિમાણ ઉભુ કરવાના ખેલ ચાલાકીથી ગોઠવાઇ રહ્યા છે, તે સમજવું રહ્યું. ભવિષ્યમાં રાજકીય સત્તા મેળવવા આ ચાલ ખૂબ જરૂરી છે. આ પરિપ્રેક્ષ્યમાં કોમવાદી હિન્દુ પરિબળોનું પાદરીના આ વિધાનના ટેકામાં આવી જવું અને તેમના ઘર બહાર સહયોગ સારૂ દેખાવ કરવા પણ બિલકુલ સ્વાભાવિક છે. દક્ષિણ ભારતના આ રાજયમાં જયાં કોમી સૌહાર્દ જળવાયેલો છે અને જયાં કોમી તુફાનો બિલકુલ નથી થયા, ત્યાં આવું વાતાવરણ સંઘપરિવારને ખૂબ જ લાભદાયી બની રહેશે, તેમાં બેમત નથી. કોંગ્રેસના પ્રમુખ તથા આગેવાનો પણ આ પાદરીને સીધો સહયોગ કરી રહ્યા છે. UDF તથા LDF બંન્ને આ ખ્રિસ્તી પાદરીના થાબડભાણા કરી રહ્યા છે જે રાજકીય મજબૂરીની ચાડી ખાય છે. ખુદ મુખ્યપ્રધાન પીનયારી વિજયનનો અભિગમ ગંભીર ચિંતાનો વિષય છે. પાદરીના સામે પગલા લેવાનું તો બાજુ પર રહ્યું, તેઓએ તો સીધો બચાવ કર્યો કે પાદરીએ આ વાત ફક્ત પોતાના અનુયાયીઓ સમક્ષ વ્યાસપીઠ ઉપરથી કરેલી છે. આ કોઈ તેમનું જાહેર મંતવ્ય નથી. અને તેથી જ કોઈ કાયદાકીય મુદ્દો તેમની સામે લેવા માટે છેજ નહીં. વધુમાં તેમણે આ પણ ખુલાસો કર્યો કે પાદરીનું નાર્કોટિક જેહાદનું મંતવ્ય સમુદાયો વચ્ચે દુશ્મનાવટ માટે નથી બોલાયું. પાદરીના મતે મુસ્લિમ આતંકવાદીઓ તેમના ધર્મને આગળ લઈ જવા સારૂ બિન મુસ્લિમોનો ખાત્મો ઈચ્છે છે અને લવ જેહાદ તથા narkotik જેહાદને પ્રોત્સાહન આપે છે તે મંતવ્ય સાચે જ ખૂબ જ ગંભીર અને વાંધાજનક છે. દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર અપૂર્વ આનંદના મત મુજબ આ એક ગુનાહિત કૃત્ય છે અને મુસ્લિમો સામે ધિક્કાર ફેલાવવાના કૃત્ય છતાં મુખ્યમંત્રી તેમની સામે કોઈ કાયદાકીય પગલાં લઈ નથી રહ્યા. મુખ્યમંત્રી જ્યારે એવું કહી રહ્યા છે કે કોઈને પણ જાહેરમાં in public ધિક્કાર ફેલાવવા બાબતે ચલાવી નહી લેવાય ત્યારે privately-અંગત રીતે મુસ્લિમો સામે પાદરી દ્વારા આ કૃત્ય ચલાવી લેવાશે તેવો આડકતરો સંદેશ પણ તેઓ આપી રહ્યા છે. રાજકીય પંડિતોના મત મુજબ ખ્રિસ્તીઓ ભાજપ તરફ સરકી ન જાય તે સારૂ મુખ્યમંત્રી આ ચાલ ચાલી રહ્યા છે. મુસ્લિમ વેપારીઓનો વિરોધ

કરવાનું એલાન પણ આ પાદરી કરી ચુક્યા છે. બે મોટી ખાદ્યાન્નના વેપાર કરતી કંપનીઓને પાદરીઓએ નિશાન બનાવેલ. કેરાલાના આ બહુ જ પ્રતિષ્ઠીત વહેપારીઓ છે તે ધ્યાને લેવું રહ્યું. આ કાંઈ CPMના મુખ્યમંત્રી પહેલીવાર મુસ્લિમો વિરુદ્ધ નથી બોલ્યા. ૨૦૧૦માં અચ્યુતઆનંદ વસ્તી વધારા મુદ્દે તથા આંતરધર્મીય લગ્નો બાબતે આજ વાત બોલી ચૂક્યા છે. પોતાની કેડર ને પણ CPM સંઘી ભાષામાં જ પાદરીનો પક્ષ લઈ મુસ્લિમો સામે ઉશ્કેરણી કરી રહ્યો છે. માધ્યમમ દૈનિકના એક અહેવાલ મુજબ ધર્માંતરણનો સૌથી વધુ ફાયદો તો કેરાલામાં હિંદુઓને થયો છે. ૫૦૬ જણાએ ધર્માંતરણ કર્યું છે, તેમાંથી ૨૪૧ જણ ઈસ્લામ અથવા ખ્રિસ્તી ધર્મથી હિંદુ ધર્મ તરફ ગયા છે. જયારે કે ૧૪૪ લોકોએ ઈસ્લામ અંગીકાર કર્યો છે. અને ૧૧૯ લોકો ખ્રિસ્તી ધર્મ તરફ વળ્યા છે. પાનોલી કમિટીના અહેવાલ જે સાચર કમિટી સંદર્ભે બનાવેલ હતી તે મુજબ વેલ્ફેર સ્કીમના ૮૦% મુસ્લિમોને અને ૨૦ ટકા ખ્રિસ્તી ઓને મળવાપાત્ર થાય છે. આ રેશિયો તેમની પરિસ્થિતિ મુજબ આકલન થયા પછી નક્કી થયેલ છે. વડાપ્રધાન સાથેની મુલાકાત બાદ આ મુદ્દાને હવે મુસ્લિમો વિરુદ્ધ ચર્ચ ને મુકવામાં સંઘ પરિવાર સફળ થયો છે તે સમજવું રહ્યું.

બધા ધાર્મિક સમુદાયો તથા સીવીલ સોસાયટીએ આની ગંભીર નોંધ લેવી જોઈએ. જોકે મોટાભાગના ચર્ચ તથા સીવીલ સોસાયટીના લોકોએ અને વખોડી કાઢ્યું છે તેની સરાહના પણ કરવી રહી.

કેરાલામાં આ ઉપમહાદ્વીપમાં સૌથી જૂની મસ્જિદ છે તો સૌથી જૂનો ખ્રિસ્તી સમુદાય પણ ત્યાં જ છે અને આ જ વિરાસત અને ધરોહર છે જેની જાળવણી આપણે સૌએ મળીને કરવાની છે. યુપી તથા અન્ય રાજ્યોની ચૂંટણી નજીક આવી રહી છે તેમ ધાર્મિક મુદ્દાઓને વળ ચઢાવી ચગાવવામાં આવી રહ્યા છે ઉમર ગૌતમના પછી મૌલાના કલીમ સિદ્દીકી સાહેબની ધરપકડ કરી આ ખાઈને સતત પહોળી કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે, તે કોઈનાથી છૂપું નથી રહ્યું. સરકારનો નબળો દેખાવ ખાસ કરીને કોરોના મહામારી દરમિયાન તેને પજવી રહ્યો છે અને નફ્ફટાઈ તથા ચાલાકી દ્વારા પ્રજાને ભરમાવવા નવા નવા તિકડમ આવતાં જ રહેશે તે નક્કી છે.

આશા રાખીએ પ્રજા કોઈ તિકડમથી દોરવાયા વગર કોમી સૌહાર્દ જાળવી રાખશે અને ચૂંટણીમાં પણ નિર્ભિક રીતે ભરમાયા સિવાય પોતાનો મત પ્રગટ કરશે.અને તોજ સાચી લોકશાહી આપણા દેશમાં મહોરશે...

⏭ (નિવૃત મુખ્ય ઈજનેર, ગેટકો, GEB. I મો.નં. ૯૯૨૫૨૧૨૪૫૩, mgvgetco@yahoo.co.in)

## વાચકો જોગ સૂચના

પ્રિય ગ્રાહકો

★ ''યુવાસાથી'' માસિક દર મહિનાની ૩જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જો તે મહિનાની ૧૦ તારીખ સુધી ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા અમારા વ્હાલા વાચક મિત્રોને વિનંતી છે.

★ ''યુવાસાથી'' માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.

★ પોસ્ટમેન નિયમિત ડિલિવરી કરતા ન હોવાથી વાચકોને કોપીઓ નિયમિત મળતી નથી. તેથી જે વાચક મિત્રો ''યુવાસાથી'' કુરિયરથી મંગાવવા ઈચ્છતા હોય તો તેમણે લવાજમની રકમ રૂ. ૨૫૦ ઉપરાંત રૂ. ૧૨૦ વધારે આપવા.

● મેનેજર, ''યુવાસાથી'' ગુજરાતી માસિક


અસલ રાંદેરના જુના અને જાણીતા હાડવૈદ™


ડૉ. ઇસ્માઇલભાઈ લાલા

ડી.ઓ.એમ., એન.ડી., એમ.ડી. (હર્બલ)

નસ તથા હાડકાના રોગોના નિષ્ણાંત, ઓપરેશન વગર સારવાર

M. 98241 82055, 97126 55055

ફેકચર, હાડકાઓનું ગંભીર રીતે ભાંગી જવું, હાડકાના ચૂરેચૂરા થઈ જવા, સાંધાઓનું ઉતરવું, હાડકાનો જૂનો દુ:ખાવો, સ્લીપ ડિસ્ક તથા ખોડ ખાંપણની ખાત્રીપૂર્વક ઉપચાર કરી આપીશું.




An ISI 9001 : 2015 Certified Clinic

કયોર ક્લિનીક

અડાજણ ક્લિનીક :
એલ-૮, શાકુંતલ કોમ્પ્લેક્ષ,
સંઘવી ટાવરની બાજુમાં,
અડાજણ રોડ, સુરત - ૩૫૯૦૦૯
(ગુજરાત) ભારત.
સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦
(રવિવારે રાબેતા મુજબ, શુક્રવારે બંધ)
ફોન: ૦૨૬૧ - ૨૭૮૬૦૫૫

રાંદેર ક્લિનીક:
જી-૧, અમન એપાર્ટમેન્ટ,
નાની પારસીવાડ, રાંદેર ગામ,
સુરત - ૩૯૫ ૦૦૫ (ગુજરાત) ભારત.
સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦
(રવિવારે ૪.૦૦ થી ૬.૦૦, ગુરૂવારે બંધ)
ફોન: ૦૨૬૧ - ૨૭૭૬૦૫૫

એપોઇન્ટમેન્ટ લઈને આવવું.

અન્ય કોઈ શાખા નથી.



# પશ્ચિમ અને ઇસ્લામનો સંઘર્ષઃ નિર્ણાયક બાબત, નબુવ્વતે મુહમ્મદી ﷺ (ભાગ-૧)

હઝરત મુહમ્મદ ﷺની નબૂવ્વત જમીનના કોઈ હિસ્સા કે વિશેષ રંગ, નસ્લ માટે નથી પરંતુ વૈશ્વિક દરેક રંગ અને નસ્લ અને દરેક યુગ માટે હતી. જે વ્યક્તિ જેટલી મહાન અને સર્વોપરી હોય છે તેનો વિરોધ તેટલી જ શક્તિ સાથે થાય છે. આપ ﷺના વ્યક્તિત્વને શબ્દોથી પુસ્તક લખીને કે કાર્ટૂન બનાવીને વિકૃત કરવું તે જ વિરોધનો હિસ્સો છે. આ કામગીરી તે સમયથી ચાલુ છે જ્યારે ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ સામસામે આવ્યા. આ પુસ્તક "પશ્ચિમ અને ઇસ્લામનો સંઘર્ષઃ નિર્ણાયક બાબત, નબુવ્વતે મુહમ્મદી ﷺ" ખુર્રમ મુરાદ રહ.ની સુંદર અને અજોડ શૈલીમાં લખાયેલી છે અને આ હકીકત ઉપર પ્રકાશ પાડે છે. અત્રે ગુજરાતી ભાષામાં આ પુસ્તકનો અનુવાદ ગુજરાતી વાચકો માટે આશિર્વાદ સમાન રહેશે. *અનુવાદકઃ* ***ડૉ. મુહમ્મદસલીમ પટ્ટીવાલા (ભૂતપૂર્વ વિભાગીય નાયબ નિયામક તબીબી સેવાઓ, ગુજરાત અને સેક્રેટરી, જમાઅતે ઇસ્લામી હિંદ, ગુજરાત)***નો સમગ્ર યુવાસાથી સંપાદક મંડળ આભાર વ્યક્ત કરે છે. *(તંત્રી)*

**વિશેષ ચર્ચા**



**ખુર્રમ મુરાદ રહ.**

આજે જ્યારે પશ્ચિમ જગત સતત ઇસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ યુદ્ધનો નાદ ફૂંકી રહ્યું છે, અને ઇસ્લામ તથા પશ્ચિમ વચ્ચે એક મોટા સાંસ્કૃતિક સંઘર્ષના અણસાર દેખાઈ રહ્યા છે, ત્યારે મુસ્લિમોએ આ વાત સમજી લેવી ખૂબ જ જરૂરી છે કે વાસ્તવિક સમસ્યા શું છે, જેના કારણે આ સાંસ્કૃતિક યુદ્ધ લડાઇ રહ્યું છે. અને આ યુદ્ધમાં નિર્ણાયક ભૂમિકા ક્યા વિષયની રહેશે?

**સંઘર્ષનું મૂળઃ**

આ વાતની સમજ રાખનાર અથવા આ વાતને સહેલાઈથી સમજી શકનાર કદાચ જુજ લોકો જ હશે, પણ અમોને આ વાતમાં કોઈ શંકા નથી કે વાસ્તવિક અને નિર્ણાયક ભૂમિકા રિસાલતે મુહમ્મદી ﷺને સ્વીકારવાની છે. અને પ્રશ્ન એ છે કે "શું મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે?"

હિરાની ગુફામાં પ્રથમ વહી અવતરિત થયા પછી પ્રથમ દિવસથી જ આ પ્રશ્ન સંઘર્ષના મૂળમાં હતો, અને આજે પણ આજ પ્રશ્ન છે, ત્યારે પણ આ બાબતે લોકો બે જૂથોમાં વ્હેંચાઈ ગયા હતા, અને વિભિન્ન સમુદાયોના ભાગ્ય, ઇતિહાસ અને સભ્યતાનો નિર્ણય આ પ્રશ્નના ઉત્તર થકી જ થયો હતો અને આજે પણ આ પ્રશ્ન ઉપર જ જગતના ભવિષ્યનો આધાર છે. આ સંઘર્ષ તો આદિ અને અનાદિ છે.

**સતીઝાકાર રહા હૈ અઝલ સે તા ઈમરોઝ**
**ચરાગે મુસ્તફવી સે શરારે બૂ-લહબી**

નિઃશંક પશ્ચિમ જગતના આર્થિક, રાજકીય અને સ્થાપિત હિતોની પણ ભૂમિકા છે. તેલના કૂવાઓનું પણ મહત્વ છે. અને આ માટે જ પશ્ચિમી માંધાતાઓએ મુસ્લિમ જગતના હૃદયમાં ઇઝરાયલ રૂપી ખંજર હુલાવી રાખેલ છે. મુસ્લિમ શાસકોને પોતાના આધીન બનાવી મધ્ય-પૂર્વમાં સૈનિક અડ્ડાઓનો જાળ પાથરી રાખેલ છે. મુસ્લિમ દેશોને શક્તિહીન બનાવી દેવામાં આવ્યા છે. અને જે દેશોથી તેમને વિદ્રોહની આશંકા છે તેમની

ડોકમાં ગાળિયો નખાઈ ગયો છે. જો કે અંગત હિતોનો આવો સંઘર્ષ તો અમેરિકા, જાપાન, ચીન અને રશિયા વચ્ચે પણ છે. પણ આના આધારે આ દેશો વચ્ચે કાયમી શત્રુતા અને એકબીજાને નષ્ટ કરી દેવાની હિલચાલ થતી નથી. વાસ્તવમાં મૂળ સમસ્યા હિતોની નથી પણ એ વાતની છે કે આ હિતો એ લોકોના પ્રદેશમાં સ્થિત છે જે હઝરત મુહમ્મદﷺનું નામ લેનાર છે, અને તેમના નામ ઉપર મરવાને જીવનથી વધુ પ્રિય સમજે છે.

સાંસ્કૃતિક મુદ્દો પણ મહત્વપૂર્ણ છે. એટલે જ માનવ અધિકારના ગીત ગવાય છે, સ્ત્રી સ્વતંત્રતા અને સશક્તિકરણની વાતો કરવામાં આવે છે, ઇસ્લામી કાયદાઓ અને શિક્ષણનો વિરોધ થાય છે અને ઇસ્લામ લોકતંત્ર વિરોધી હોવાનો આરોપ મૂકવામાં આવે છે. જો કે વિશ્વમાં બીજી ઘણી મોટી વસ્તીઓ મુસ્લિમોથી કેટલાય ગણા વધુ પશ્ચિમના તથાકથિત સાંસ્કૃતિક મૂલ્યોનું ઉલ્લંઘન કરી રહી છે, પરંતુ તેઓની તો પીઠ થાબડવામાં આવે છે.

દેખીતી રીતે સાચી લડાઈ આ સાંસ્કૃતિક મુદ્દાઓની પણ નથી, બલ્કે આ સાંસ્કૃતિક મૂલ્યો જે રિસાલતે મુહમ્મદીﷺના કારણે અસ્તિત્વમાં આવેલ છે, તે જ તો પશ્ચિમી સભ્યતાની બરબાદી નોતરી રહ્યા છેઃ

પશ્ચિમી જગત સારી પેઠે જાણે છે કે મુસ્લિમો આજે એટલા શક્તિહીન છે કે રાજકીય, આર્થિક અને સામરિક દૃષ્ટિથી તે તેમના દસમા ભાગના પણ નથી. તેઓ એ વાતને પણ સ્વીકારે છે કે બધા મુસ્લિમ દેશો પણ ઇસ્લામી સામાજિક અને રાજકીય વ્યવસ્થા અપનાવી લે, ઇસ્લામી કાયદાઓ લાગુ થઈ જાય, સ્ત્રીઓ પડ્દામાં આવી જાય તો પણ પશ્ચિમી સભ્યતાને કોઈ નુકસાન થવાનું નથી. છતાંય તેઓ સતત એક જ વાતનું રટણ કરી રહ્યા છે કે "ઇસ્લામનું પુનરુત્થાન (તેમના શબ્દોમાં ઇસ્લામી ફંડામેટલિઝમ) પશ્ચિમી સભ્યતા તેમની જીવન પદ્ધતિ, તેમના મૂલ્યો અને અત્યાર સુધીની તેમના સાંસ્કૃતિક વિકાસને અવરોધી નાખશે." આવું કેમ છે? જવાબ છે - રિસાલતે મુહમ્મદીﷺના કારણે.

**જાનતા હૂં કિ મશરિક કી અંધેરી રાત મેં**
**બે યદે બૈઝ હૈ પીરાને હરમ કી આસ્તીં**
**અસ્રે હાઝિર કે તકાઝો સે હૈ લેકિન યે ખૌફ**
**હો ન જાયે આશ્કારા શરએ પૈગમ્બર કહીં**
**અલ્હઝર આઈને પૈગમ્બર સે સૌ બાર અલ્હઝર**
**હાફિઝે નામૂસે ઝન, મર્દ આઝ્મા, મર્દ આફરીં**

સામાન્ય મુસ્લિમ જો આ સાંસ્કૃતિક યુદ્ધથી વાકેફ ન હોય તો કોઈ આશ્ચર્યની વાત નથી. આશ્ચર્ય તો એ વાતનું છે કે જે લોકો ઇસ્લામી પુનરુત્થાનની વાતો કરે છે તેઓ પણ આ વાસ્તવિકતાથી અજાણ છે. અને એટલેજ તેમના એજેંડા ઉપર રિસાલતે મુહમ્મદﷺનું એ સ્થાન નથી જે હોવું જોઈએ. જોવા જઈએં તો સાંસ્કૃતિક યુદ્ધ હૃદય અને આત્માને જીતવાનું યુદ્ધ છે. હૃદય તો પહેલા પણ અંતિમ પૈગમ્બર હઝરત મુહમ્મદﷺના પ્રેમમાં ઓળઘોળ હતા જ, અને આજે પણ એ પ્રેમ જ આપણા માટે ઈમાન, એકતા અને કાર્યશક્તિનું પ્રેરક બળ છે. પરંતુ એ પણ હકીકત છે કે રિસાલતે મુહમ્મદીﷺ માટે માનવોના હૃદય અને તેમના આત્માને જીતવાના જે પ્રયાસો થવા જોઈએ તે નથી થઈ રહ્યા. આજના યુગમાં મુસ્લિમ મિલ્લતે આ કાર્ય કરવાની સખત જરૂર છે.

**સંઘર્ષનો ઇતિહાસઃ**

રિસાલતે મુહમ્મદી ﷺ વિરુદ્ધ આ જંગ કોઈ નવી નથી. જયારથી ઇસ્લામ અને ઈસાઇયત સામ-સામે થયા ત્યારથી જ ઈસાઇયત અને યુરોપે ઇસ્લામ વિરુદ્ધ પોતાની જંગનું કેંદ્રબિંદુ હઝરત મુહમ્મદﷺના વ્યક્તિત્વ અને રિસાલતને બનાવ્યુ છે. હઝરત મોહમ્મદﷺના સંદેશને માનનાર લોકો આરબના રણ પ્રદેશમાંથી આવી સીરિયા, ફિલિસ્તીન, મિસ્ર, લીબિયા. ત્યુનિસ, અલ્જીરિયા, જેવા ઈસાઇયોના ગઢો ઉપર ટૂંક સમયમાં જ જીત મેળવી હતી. મુસ્લિમોએ આ જગ્યાઓનું શાસન તો સંભાળ્યુ જ સાથે સાથે ત્યાં ની પૂરી પૂરી આબાદી ઇસ્લામના નેજા હેઠળ આવી ગઈ અને મુહમ્મદﷺ સાહેબનો દીન સ્વીકારી લીધો. એટલુ જ નહીં હજાર વર્ષો સુધી તેઓનું સૂર્ય મધ્યાન્હમાં ચમકતુ રહ્યુ. ખ્રિસ્તી પાદરીઓની ઇચ્છાઓ - બદદુઆઓ, ખ્રિસ્તી શાસકોના પ્રયત્નો છતાય આ સૂર્યનું ઢળવુ શક્ય ન બન્યુ.

આ કારણે જ ખ્રિસ્તીઓ વ્યથિત, નાસીપાસ અને ક્રોધિત હતા. ક્રોધિત થવાનું બીજું કારણ એ હતું કે જુજ બાબતો અને મસીહી વિધાનની અવજ્ઞા કરવા સિવાય ઇસ્લામ અને ઈસાઇયતમાં કોઈ ઝાઝો તફાવત ન'હોતો, છતાય આવો પરાજય તેમને સમજાતો ન'હોતો. તેઓ હેરાન હતા કે આનો સામનો કેવી રીતે કરી શકાય અને ખ્રિસ્તીઓને મુસ્લિમ બનતા કેવી રીતે અટ્કાવી શકાય?

તેમને એ જ દેખાતું હતું કે આ બધી 'સમસ્યા' (નઊઝુ બિલ્લાહ) ના મૂળમાં હઝરત મુહમ્મદﷺની રિસાલત છે, અને મુસ્લિમોની શક્તિનું રહસ્ય હઝરત મુહમ્મદﷺ પ્રત્યે અનહદ પ્રેમ અને ઈમાન છે. એટલે જ તેઓએ પોતાની બધી શક્તિ એ વાતને પુરવાર કરવા લગાવી દીધી કે

હઝરત મુહમ્મદﷺનો રિસાલતનો દાવો જ ખોટો હતો. અને તેમણે (નઊઝુ બિલ્લાહ) કુર્આન પણ જેમ-તેમથી નકલ કરી લખી કાઢયું છે. અને એટલે જ હઝરત મુહમ્મદﷺના વ્યક્તિત્વ ઉપર કીચડ ઉછાલવામાં આવ્યું, જાત જાતના આક્ષેપો ઘડવામાં આવ્યા. પછી એ પશ્ચિમનું ડાર્ક એજ હોય કે મધ્ય કાલીન યુગ હોય કે પછી આધુનિક પ્રકાશમાનયુગ હોય. હઝરત મુહમ્મદﷺના જીવનના દરેક પ્રસંગને જુદા અને વિકૃત રૂપે રજૂ કરવામાં આવ્યા. આરોપ લગાડવામાં આવ્યો કે ઇસ્લામ તલવારના જોરે ફેલાવવામા આવ્યો હતો, લૂંટમાર અને પોતાના અનુયાયીયોને સાંસારિક સુખ સાધનોનુ લોભ આપી અને દરેક જાતની ઇચ્છા પુર્તિની છૂટ આપી પોતાની પડ્ખે રાખ્યા હતા અને જીત મેળવી હતી. અને આ બધા આરોપોની ભાષા એટ્લી નિમ્ન કોટિ અને ગંદી હતી કે તેને નોંધવામાં પણ શર્મ અનુભવાય છે, પણ વિષયને સમજાવવા ખાતર આવી નિર્લજ્જ વાતોના ઉદાહરણ આપવાની ફરજ પડી છે. એટલે કેટલીક વાતો અહીં લખી રહ્યો છું .

સેંટ જોન ઓફ દમિશ્ક (૭૫૩ ઈ.) હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ્ના પૂર્વે ખલીફાના દરબારમાં ઉચ્ચ પદે વિરાજમાન હતો. તે ઇસ્લામને સારી પેઠે જાણતો હતો છતાંય આરોપો લગાડતા લખે છે:

"બની ઇસ્માઈલના વંશમાં મુહમ્મદﷺના નામે એક જૂઠો નબી પેદા થયો હતો જે તૌરાત અને ઈંજીલથી પણ વાકેફ હતો. તેણે એક ઇસાઈ રાહિબ પાસેથી જ્ઞાન મેળવ્યું હતું અને આ અધકચરી જાણકારી લઈ તેણે ઈસાઇ ધર્મની એક વિકૃત આવૃતિ ઘડી કાઢી. અને લોકોના માનસમાં એ વાત ઠસાવી દીધી કે તેઓ અલ્લાહના માનવી છે. પછી જૂઠ ફેલાવ્યું કે તેમના ઉપર આકાશવાણી થકી ઈશ્વરીય પુસ્તક અવતરિત થઈ છે. ઈસા (અ.સ.) અને મૂસા (અ.સ.)ની જેમ તેઓ કોઈ સાક્ષી અથવા ચમત્કાર આપી શક્યા ન'હોતા." (Encounter and clashes: Islam and Christianity in History Rome 1990)

આ જ રીતે ખલીફા મામૂનના એક દરબારી (ઇબ્ને ઇશાક-૮૭૦ ઈ.) એ અબ્દુલ મસીહ અલકંદીનું છદ્‌મ નામ ધારણ કરી અર્રિસાલા નામે એક કાલ્પનિક કથામાં લખે છે:

"મુહમ્મદﷺ કેવી રીતે સાચા નબી હોઈ શકે જયારે કે તેમણે લોહી વહેડાવ્યું. પોતાની નબુવ્વતના સમર્થનમાં કોઈ ચમત્કાર પણ ન બતાવ્યું. જ્યાં સુધી કુર્આનનો પ્રશ્ન છે તે કેવી રીતે ઈશ્વરીય પુસ્તક હોઈ શકે?"

સેંટ જોન ઓફ દમિશ્ક અને મસીહ અલકંદીના અર્રિસાલા એ વીસમી શતાબ્દીના આરંભ સુધી યુરોપના લોકોના વલણ અને વૈચારિક નિર્માણમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. બારમી શતાબ્દિમાં આ પુસ્તકનું લૈટિન અનુવાદ સ્પેનમાં અને પંદરમી શતાબ્દીમાં સ્વિટ્ઝરલેન્ડ માં પ્રકાશિત કરવામાંઆવ્યું. અને ત્યાં સુધી કે ૧૯૦૫ માંતેનોઅંગ્રેજીઅનુવાદલંડનથીપ્રકાશિત કરવો પણ જરૂરી લાગ્યો. છેલ્લા એક હજાર વર્ષોથી યુરોપિયન બુદ્ધિજીવીઓ રિસાલતે મુહમ્મદીﷺ વિષે આ જ વાતો વાગોળી રહ્યા છે.

૧) કુર્આન યહૂદીઓ અને ખ્રિસ્તીઓથી શીખીને લખાયેલ પુસ્તક છે, જેમાં ગોળમોળ અને વિરોધાભાસી વાતો છે.
૨) ચરિત્ર હનનના પ્રયત્નો
૩) મુસ્લિમ શાસકોના અત્યાચાર અને ધોખાધડીની વાર્તાઓ

આ વાતોની નોંધ એટલે જરૂરી હતી કે એક લાંબો સમય પસાર થઈ ચૂક્યો છે, પશ્ચિમના લોકોનો મુસ્લિમ જગત સાથે ઘરોબો પણ છે, પશ્ચિમના લોકોનો દાવો પણ છે કે તેઓ સાયન્ટિફિક વિચાર પદ્ધતિ, તટસ્થતા, અને ન્યાયિક પ્રક્રિયા ધરાવે છે. પરંતુ તેઓની સોચ અને કાર્યશૈલીમાં કોઈ સુધારો જોવા મળતો નથી. ત્યાં સુધી કે મન્ટ્ગોમારી વોટ, કેંથ ક્રેગ અને વેટિકને જે પોતાને બહુ સભ્ય ગણે છે તેમની સોચ અને વલણ પણ આવું જ છે. તેમના ત્યાં સૂર બદલેલા છે પણ રાગ તો એ જ છે.

હવે સીધા આરોપોની જગ્યાએ મનોવૈજ્ઞાનિક, સામાજિક અને રાજકીય રીતો અજમાવવામાં આવી રહી છે. જેનાથી આધુનિક માનસ પરિચિત છે. દા.ત. રાડસન, ફ્રાયડના માર્ગદર્શનમાં, હઝરત મુહમ્મદ ﷺનું માનસિક વિશ્લેષણ કરે છે. પ્રોફેસર માન્ટ્ગોમારી વોટ સામાજિક અસ્ત્રથી એવું પુરવાર કરવા માંગે છે કે રણ નિવાસી જાહેલ આરબોના દુર્ગુણો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓના શિક્ષણ અને આરબની રાજકીય જરૂરતને આધીન મુહમ્મદ ﷺ એ આ બધી વાતો ઉપજાવી કાઢી. કેંથ ક્રેગ પ્રશ્ન કરે છે કે રિસાલતે ક્યાં જન્મ લીધો? અને પોતે જ જવાબ આપે છે કે એક પુસ્તક અને એક અલ્લાહની વાત આરબોમાં એક્તા અને અસ્મિતા સ્થાપવા માટે જ રજૂ કરવામાં આવી હતી. અને આ પ્રેરણા તેમણે ખ્રિસ્તીઓ અને યહૂદીઓને જોઈને મળી હતી.

મુસ્લિમો પ્રત્યે હમદર્દી દાખવનાર પશ્ચિમીઓનો કોઈ પણ લેખ એવો નથી હોતો જેમાં કુર્આનમાં બાહ્ય મિલાવટની

સાબિતી માટે શેતાની બકવાસની વાર્તા, રાજકીય સ્વાર્થ માટે નખ્લાની ઘટના, બર્બરતા માટે બનૂ કુરૈઝાની ઘટના અને ચારિત્રિક આરોપ માટે હઝરત જૈનબ સાથે લગ્નની ઘટના ન વર્ણવામાં આવી હોય.

જે લોકો મક્કામાં હઝરત મુહમ્મદ ﷺના વિરોધી હતા તે પણ એટલા નિર્લજ્જ ન'હોતા કે મુહમ્મદ ﷺ સાહેબ ઉપર આવા નિમ્ન કોટિના આરોપો ઘડતા. તેઓએ જે આરોપો લગાડ્યા એ તો હતા કે હઝરત મુહમ્મદ ﷺ શાયર છે, તેમના ઉપર પ્રેતની છાયા છે, તેઓ પોતે લખી અને અલ્લાહનું નામ વટાવે છે.

"જે લોકોએ નબી (પયગંબર)ની વાત માનવાનો ઈન્કાર કરી દીધો છે, તેઓ કહે છે કે ''આ કુરકાન એક ઉપજાવી કાઢેલી (કાલ્પનિક) વસ્તુ છે જેને આ માણસે પોતે જ ઘડી કાઢી છે અને કેટલાક બીજા માણસોએ આ કામમાં તેની મદદ કરી છે.'' ભારે જુલ્મ અને મોટું જૂઠ છે જેના પર આ લોકો ઊતરી આવ્યા છે. કહે છે, ''આ પુરાણા લોકોની લખેલી વસ્તુઓ છે જેને આ માણસ નકલ કરાવે છે અને તે તેને સવાર-સાંજ સંભળાવવામાં આવે છે." (સૂરઃ ફુરકાન-૪,૫)

"અમને ખબર છે કે આ લોકો તમારા વિષે કહે છે કે આ માણસને એક વ્યક્તિ શીખાવે-ભણાવે છે, જો કે તેનો નિર્દેશ જે વ્યક્તિ તરફ છે તેની ભાષા અજમી (બિનઅરબી) છે અને આ શુદ્ધ અરબી ભાષા છે." (સૂરઃ નહ્લ-૧૬:૧૦૩)

યુરોપની હજાર વર્ષની દૂષમની પર નજર નાંખીએ તો આ જ છબી નજર સમક્ષ ઊભરી આવે છે.

"આમ જ થતું રહ્યું છે, આમના પહેલાંની કોમો પાસે પણ કોઈ રસૂલ એવો નથી આવ્યો જેને તેમણે એમ ન કહ્યું હોય કે આ જાદુગર છે અથવા દીવાનો ! શું આ બધાએ અંદરો-અંદર આ અંગે કોઈ સમજૂતી કરી લીધી છે? નહીં, બલ્કે આ તમામ વિદ્રોહી લોકો છે." (સૂરઃ ઝારિયાત-૫૧: ૫૨,૫૩)

આ વાતને નોર્મન ડેનિયલ આમ લખે છે કે : "જ્યારે કોઈ નિષ્પક્ષ યુરોપીયન વિદ્વાનના પુસ્તકનું અધ્યયન કરતા હોઈએં તો એ વાત યાદ રાખવી જોઈએ કે પ્રાચીન ખ્રિસ્તીઓએ ઈસ્લામ અને મુહમ્મદ ﷺ વિષે જે વિચાર પદ્ધતિ અને શૈલી અપનાવી હતી તે જ આજના પશ્ચિમી વિદ્વાનોનો પણ વૈચારિક વારસો રહેલ છે. તેઓ આ જ પણ એ જ રીતે વિચારે અને વર્તે છે. (Islam and the West : The making of image.) .. *(વધુ આવતાં અંકે)*



ચિંતન-મનન



અનસ બદામ

વૈકલ્પિક જીવનશૈલી

# પશ્ચિમનું ઉપભોગતવાદી કલ્ચર અને તેના પરિણામો

**અત્યારે** દુનિયા આખીમાં જે પશ્ચિમી જીવન શૈલીનો બોલબાલો છે, તેનું એક પાયાનું ઘટક 'ઉપભોગતા' (Consumerism) છે. અગાઉ પણ આપણે જોઈ ગયા કે પશ્ચિમની ભૌતિકવાદી વિચારસરણી જીવનને માત્ર ભોગ-વિલાસનું એક ચક્ર માને છે. એ વિચારધારામાં સુખની વ્યાખ્યા છે પૈસો અને ભૌતિક સુખ-સમૃદ્ધિ, વધુને વધુ ભૌતિક ચીજ-વસ્તુઓનો ઉપયોગ કરવો, જે જેટલું કમાય અને જેટલું ભોગવે તે એટલો જ કામિયાબ અને સફળ. આ વિચારસરણીએ ઉપભોગતા અને ફિજૂલ ખર્ચીના કલ્ચરને જન્મ આપ્યો. આના પરિણામસ્વરૂપે દુનિયામાં દોલતનો લોભ અને પૈસાની હવસ લોકોનો આમસ્વભાવ બની ગયો, દોલત એકઠી કરવી, પૈસો કમાવવો જ જિંદગીનો એકમાત્ર મકસદ બની ગયો, જેના પરિણામે જીવનના તમામ નૈતિક મૂલ્યોનું પતન થયું.

ઉપભોગતાવાદનું બીજું સૌથી ભયાનક પરિણામ પર્યાવરણીય સંકટ (Climate Crisis)ના સ્વરૂપે સામે આવ્યું. ચીજ-વસ્તુઓના અમર્યાદિત વપરાશ અને તેની હવસે તેમનું પ્રોડક્શન વધારવા માણસને મજબૂર કર્યો, જેના કારણે પાણી, વીજળી અને કુદરતી સંસાધનોનો એટલો નિર્દયતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો કે દુનિયામાં આવા કુદરતી સંસાધનોની જબરજસ્ત અછત સર્જાઈ, વીજળી સંકટ, પાણીની કટોકટી, સ્વચ્છ હવાની અછત આ તમામ મોડર્ન લાઈફ સ્ટાઈલની દેન અને બક્ષિસ છે.

ઉપભોગતાવાદી લાઈફ સ્ટાઈલની ત્રીજી ભયાનક અસર વ્યાજ અને લોન કલ્ચરને જન્મ આપવાની છે. જ્યારે માણસમાં ભૌતિક સુખ-સમૃદ્ધિ અને ગમે તેમ કરી તેને પ્રાપ્ત કરવાની લાલસા જાગે તો તેનામાં પોતાની આવક કરતાં વધુ ખર્ચ કરવાની વૃત્તિ જન્મે છે, માટે તે પૈસાના બંદોબસ્ત માટે વિવિધ તરકીબો શોધે છે, વ્યાજ અને લોન આવા જ વધારાના ખર્ચા કરવાની હવસનું પરિણામ છે.

ઉપભોગતાવાદી લાઈફ સ્ટાઈલનું ચોથું પરિણામ 'વર્ગભેદ' છે. અમીર-ગરીબ કે મધ્યમ અને ઉચ્ચ વર્ગની જીવનશૈલી વિશેના ખ્યાલોએ અમીરો અને ગરીબો દરમિયાન ભેદરેખા ખેંચીને ગરીબોને અછૂત બનાવી નાખ્યા છે. શોપિંગ મોલ્સ અને સુપર માર્કેટ્સને કારણે છૂટક દુકાનદારો, ફેરીવાળાઓ અને લારીવાળાઓને બેકાર બનાવી દીધા છે, મોડર્ન કંપનીઓ અને ફેક્ટરીઓ મજૂર મુક્ત બની રહી છે, નિવાસ અને



રહેઠાણના સ્થળોએ સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ, બાગ-બગીચાઓ અને બજારો અમીર અને ગરીબ માટેના અલગ-અલગ છે, એ જ રીતે શહેરોમાં અમીરોની દુનિયા અલગ છે અને ગરીબોની દુનિયા અલગ.

ઉપરોક્ત ચર્ચા પરથી આપણે વર્તમાન પશ્ચિમી લાઈફ સ્ટાઈલની એક ટૂંકી ઝાંખી અને તેની અસરોને સમજી શકીએ છીએ, શું કોઈ પણ વ્યક્તિ આવી જીવનશૈલીને વાજબી અને માનવતા માટે ઉપયોગી ઠેરવી શકે?

**જીવનશૈલીનો વિકલ્પઃ**

કોઈ પણ માનવસમાજ કે સંસ્કૃતિની જીવનશૈલી કેટલાંક બુનિયાદી ઘટકો પર આધારિત હોય છે, તેમાં સૌથી અગત્યનું છે માણસની જીવન અને સૃષ્ટિ વિશેની માન્યતાઓ (Belief). માનવીની આ દુનિયામાં શું હેસિયત છે? આ દુનિયાથી માણસનો શું સંબંધ છે? માણસ આ દુનિયામાં કોઈ સાથે વર્તાવ કરે તો તે કઈ રીતે વર્તે? આવા સવાલો ઉપરથી જીવન વિશેની તેની માન્યતાઓ ('વર્લ્ડ વ્યૂ') નક્કી થાય છે, આ મામલો એટલો અગત્યનો છે કે માનવ જીવનના તમામ ક્ષેત્રો અને કામો પર તેનો અત્યંત ઊંડો પ્રભાવ પડે છે, 'વર્લ્ડ વ્યૂ'ના ચેન્જ થવાથી સંસ્કૃતિની આખી ઈમારતનો નકશો ચેન્જ થઈ જાય છે. આ જ કારણે ઈસ્લામે માનવજાતનું માર્ગદર્શન કરવા ઉપરોક્ત બાબતોની સૌથી વધુ સ્પષ્ટતા કરી છે, અને તેને પોતાના ધર્મ, દીન અને પોતાની સંસ્કૃતિનો બેઝ બનાવ્યો છે, તેણે આવા સવાલોના ડેફિનેટ ને ચોક્કસ જવાબો આપ્યા છે અને તે પ્રમાણે જ જીવન ગુજારવાનો નિર્દેશ કર્યો છે. આ વાત અમે અમારા પાછલા લેખમાં કરી ગયા હતા અને ઈસ્લામી સંસ્કૃતિના મૂળભૂત અકીદાઓ (માન્યતાઓ) પર સંક્ષેપમાં ચર્ચા કરી હતી.

હવે અત્રે આપણે ઈસ્લામી લાઈફ સ્ટાઈલની કેટલીક અગત્યની વિશેષતાઓની ચર્ચા કરીશું.

(૧) જીવનમાં સાદગી અને ચારિત્ર્ય તેમજ વિચારોમાં બુલંદી એ ઈસ્લામી જીવનની ફિલોસોફી છે. અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ સાહેબે (સલ.) ફરમાવ્યું છે કે, "સાદગીથી રહેવું એ ઈમાની જીવન છે." આ ઉપરાંત આપે ફરમાવ્યું છે કે, "દુનિયાનું એશ-આરામ મારા માટે નથી, હું તો એક મુસાફર જેવો છું જે આરામ માટે એક ઝાડના નીચે થોડી વાર વિસામો લે છે અને પછી આગળ વધી જાય છે." આપે એક અન્ય પ્રસંગે ફરમાવ્યું છે કે, "એક બિસ્તર માણસ માટે, એક તેની પત્ની માટે અને એક મહેમાન માટે પૂરતું છે, જો (જરૂરત વગર) ચોથું બિસ્તર રાખ્યું છે તો તે શૈતાન માટે છે." આમ જરૂરત મુજબનું અને સાદગીપૂર્વકનું જીવન જીવવું એ રાહતપૂર્ણ અને સુખી જીવનનું પહેલું પગથિયું છે.

(૨) ઈસ્લામમાં ચીજ-વસ્તુઓના ઉપયોગમાં સંતુલન જાળવવું અને જરૂરત સિવાયનું વધારાનું ગરીબોમાં વહેંચી દેવાની તાલીમ આપવામાં આવી છે. જેમકે કુર્આનમાં અલ્લાહ તઆલા ફરમાવે છેઃ "ખાઓ, પીઓ પણ વેડફાટ ન કરો, નિઃશંક અલ્લાહ વેડફાટ કરનાર અને ફિઝૂલ ખર્ચ કરનાર માણસને પસંદ કરતો નથી." (આરાફઃ ૩૧) અને જો જરૂરત કરતાં વધારે હોય તો કુર્આન તેને ફિઝૂલ ખર્ચ કે વેડફવાને બદલે ગરીબોમાં વહેંચી દેવા નિર્દેશ કરે છેઃ "અને સગાઓને, જરૂરતમંદોને અને મુસાફરોને પણ તેમનો હક્ક આપો, (પોતાનો માલ) ફિઝૂલ ખર્ચમાં બરબાદ ન કરો, નિઃશંક ફિઝૂલ ખર્ચ કરનાર શૈતાનના ભાઈ છે, અને શૈતાન પોતાના પરવરદિગારનો ખૂબ જ કૃતઘ્ન છે." (બની ઈસરાઈલઃ ૨૬-૨૭)

આમ, આવી તાલીમની ઉપસ્થિતિમાં એ તણાવ કે ડિપ્રેશનને કોઈ જ અવકાશ નથી જે આજની મુંડીવાદી વ્યવસ્થાએ વૈભવી લાઈફ સ્ટાઈલ અને એશ-ઐયાશીની દોડ દ્વારા પેદા કર્યો છે. એક મુસલમાનને તો આવી તાલીમના પરિણામે અલ્લાહના રસ્તામાં પોતાના માલને લૂંટાવી લોકોને ફાયદો પહોંચાડવાની 'લત' લાગેલી હોય, તે કેવી રીતે ફિઝૂલ ખર્ચી અને જરૂરત વગર શોપિંગ કરવાની લતનો શિકાર બની શકે!

(૩) ઈસ્લામી ઈતિહાસના સુવર્ણકાળમાં જીવનમાં સફળતાનો માપદંડ ભૌતિક ચીજ-વસ્તુઓ કે માલ-મિલકત પર આધારિત ન હતો, બલકે સખાવત અને દાન-ધર્માદા તેમજ મહેમાન નવાજીથી વ્યક્તિની સફળતા અને મહાનતા નક્કી થતી હતી, આપણે એ માહોલને ફરી જીવંત કરવો જોઈએ, લોકોનું માન-સન્માન બ્રાન્ડેડ કારો, મહેલનુમા મકાનો, ઉમદા કપડાં અને મોંઘાદાટ ગેજેટ્સ વાપરવાને કારણે નહી, પણ તેના હાથ નીચે કેટલા અનાથ બાળકો ઉછરે છે, કેટલી વિધવાઓ અને લાચારોનો તે સહારો છે, કેટલા વિદ્યાર્થીઓનો આર્થિક ખર્ચ ઉપાડે છે તેમજ કેટલા મહેમાનો આવે છે? તેના આધારે તેનું માન-સન્માન અને ઈજ્જત નક્કી થવી જોઈએ. એવા માણસને હકીર (તુચ્છ) અને હલકટ ગણવામાં આવે જેની માલ-મિલકત માત્ર પોતાની જાત કે પોતાના પરિવાર માટે જ ખર્ચાતી હોય, તેની સંપત્તિમાં સમાજ, કોમ કે દેશનું કોઈ સ્થાન ન હોય.

(૪) ખરીદીનું એ વલણ કે જેમાં માણસ શોપિંગ મોલમાં ચાલ્યો જાય અને જે વસ્તુ નજરે ચઢે તેને બાસ્કેટમાં નાખી દે, એક અત્યંત ધિક્કારપાત્ર અને ગેરવાજબી વલણ છે, આવા વલણની નિંદા કરી તેને વધતું અટકાવવાના પ્રયત્નો

કરવા જોઈએ. ઉપર આપણે અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ સાહેબ (સલ.)નું એક ફરમાન જોયું કે, ''માણસ માટે એક બિસ્તર, એક તેની પત્ની માટે અને એક મહેમાન માટે પૂરતું છે, જો (જરૂરત વગર) ચોથું બિસ્તર રાખ્યું છે, તો તે શૈતાનનું છે.'' આમ, આપે જરૂરી અને બિનજરૂરી વસ્તુઓને રાખવા - ન રાખવા બાબતે મુસલમાનોને એ સ્પષ્ટ તાલીમ આપી છે કે જરૂરત સિવાયની બિનજરૂરી ચીજ-વસ્તુઓની ખરીદી અને વપરાશ એ શૈતાની કામ છે. માણસ પોતાના બજેટને ધ્યાનમાં રાખીને પોતાની જરૂરતની ચીજોની ખરીદી કરે તેમાં કાંઈ ખોટું નથી, ખોટું એ છે કે માણસ જરૂરત અને હવસ વચ્ચે ભેદ પારખતા ન શીખે, જો વ્યક્તિ જરૂરત અને ઈચ્છા વચ્ચે વિવેક કરતા શીખી લે અને જરૂરત સુધી જ મર્યાદિત રહેવાનું વલણ અપનાવી લે તો એડ્વર્ટાઈઝિંગના હિપ્નોટિઝમથી મુક્ત રહેવું સરળ બનશે, અને આ સાથે જો તે પોતાના સમાજ અને દેશનું કલ્યાણ, પર્યાવરણની રક્ષા અને આવનારી પેઢીઓના અસ્તિત્વનો પણ વિચાર કરે તો આપોઆપ કેટલીય ચીજ-વસ્તુઓ ખરીદી લિસ્ટમાંથી બાદ થઈ જશે.

(૫) એ જ રીતે આપણા ઈતિહાસના સુવર્ણકાળમાં માણસની માન-મર્યાદા, મહાનતા અને ઈજ્જત તેની જ્ઞાન પ્રિયતા અને જ્ઞાનના પ્રચાર-પ્રસાર સાથે સંલગ્ન હતી. ઈતિહાસકારોએ નોંધ્યું છે કે જો કોઈ શ્રીમંત અભણ હોય તો પણ તેના ઘરમાં એક ગુણવત્તાસભર લાઈબ્રેરી જરૂર રહેતી અને અપ્રાપ્ય પુસ્તકોનું કીમતી કલેક્શન રહેતું, જેનાથી જ્ઞાનપિપાસુઓ પોતાની પ્યાસ બુઝાવી શકે. જો આજે મોબાઈલ ફોન્સ, ગાડીઓ અને કીમતી પહેરવેશને બદલે આપણા અભણ સમાજમાં પણ કિતાબો અને જ્ઞાન-વિજ્ઞાન સાથેના સંબંધને માન-સન્માન અને ઈજ્જત મળે તો વિચારો કેટલી જબરદસ્ત ક્રાંતિ આવી શકે!

(૬) પર્યાવરણની સુરક્ષા, દોલતની બચત, ઘરેલું ઉત્પાદનોને પ્રોત્સાહન અને પશ્ચિમી આધિપત્યના ખાત્મા માટેનો એક સરળ ઉપાય ગાંધીજીએ સૂચવેલ ફોર્મ્યુલા છે, જેમાં કહેવાયું છે કે માસ પ્રોડક્શનને બદલે પ્રોડક્શન બાય માસિઝ (Production by Masses)ના વલણને પ્રચલિત કરવામાં આવે, જે વસ્તુ ઘરે બની શકે એવી હોય તેને ઘરે જ બનાવવી, કિચન ગાર્ડન અને ઘરેલુ ક્રાફ્ટને પ્રોત્સાહન આપવું, મોટા મોટા શોપિંગ મોલ્સને બદલે પાડોશની નાની દુકાનોને પ્રાથમિકતા આપવી અને મલ્ટીનેશનલ કંપનીઓની વસ્તુઓથી શક્ય એટલું બચવામાં આવે, કારણ કે આ કંપનીઓને જે નફો થવાનો છે તે આપણાં દેશ અને કુદરતી સંસાધનોનું જે નિકંદન કાઢે છે તે કોઈનાથી છુપું નથી.

(૭) વ્યાજ અને વ્યાજ આધારિત આર્થિક વ્યવહારોનો બોયકોટ કરવામાં આવે, કોશિશ કરો કે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ જ ન થાય, તેને બદલે ડેબિટ કે એટીએમ કાર્ડ્સથી પણ તમે તમારા નાણાકીય વ્યવહારો કરી શકો છો.

(૮) ઘરેલું ચીજ-વસ્તુઓનો બગાડ થતાં અટકાવો, જો તમે માલદાર હો તો પણ એક નાની વસ્તુના બગાડથી પણ પર્યાવરણનો બગાડ થાય છે, સમાજ અને દેશની અર્થવ્યવસ્થાને ફટકો પડે છે, તેથી આ બાબતે સભાન રહો અને જે વસ્તુઓ જૂની થઈ જાય તો તેને ફેંકી દેવા કે પડી રાખવાને બદલે કાં તો રદ્દીમાં વેચી દો, કાં કોઈ ગરીબને વાપરવા માટે આપી દો.

(૯) એ વાતનું ખૂબ ધ્યાન રાખો કે રાંધેલો ખોરાક કોઈ પણ હાલતમાં બગડે કે સડે નહીં, પ્રથમ તો એ વાતનું જ ધ્યાન રાખવામાં આવે કે ભોજન ઓછું રાંધવામાં આવે, અને જો જરૂરત પૂરતું બને તો ઠીક છે, પરંતુ જો થોડુક ઓછું હશે તો તેમાં દીની દ્રષ્ટિએ પણ ફાયદો છે અને દુન્યવી દ્રષ્ટિએ તંદુરસ્ત રહેવાનો ફાયદો છે, તેમ છતાં જો ખોરાક વધે તો તેને વેડફાતો અટકાવીને કોઈ ગરીબ સુધી પહોચતું કરી દેવામાં આવે અને છેલ્લે કમસેકમ એટલું તો થાય જ કે કોઈ જાનવરના ઉપયોગમાં તે આવી શકે એવો પ્રયાસ કરીએ.

(૧૦) વર્તમાન યુગમાં પર્યાવરણ, સ્વાસ્થ્ય અને દોલતના વેડફાટનું એક ખૂબ મોટું માધ્યમ સવારી છે. સવારીઓનો જરૂરત મુજબ અને સાવચેતીપૂર્ણ ઉપયોગનો ખ્યાલ રાખવો પણ ઈસ્લામી જીવનશૈલીનો એક ભાગ છે. નાના અંતરે જવા માટે પગપાળા જવાનો આગ્રહ રાખવો, મસ્જિદમાં પેદલ જવું વધારે સારું અને અફઝલ ગણાય છે, ઈદની નમાજ માટે પેદલ જવું અફઝલ છે, ઈસ્લામની આ તાલીમ આપણું આ બાબતે સ્પષ્ટ માર્ગદર્શન કરે છે. જ્યાં એક ગાડીથી કામ નીકળતું હોય ત્યાં બે ગાડીઓનો ઉપયોગ ટાળો અને જ્યાં પબ્લિક ટ્રાન્સપોર્ટ સરળ અને સુવિધાપૂર્ણ હોય ત્યાં પોતાની અંગત સવારીનો ઉપયોગ કરવો એ ટ્રાફિક અને પર્યાવરણની સમસ્યાઓને નોતરું દેવા સમાન છે.

(૧૧) અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ સાહેબ (સલ.)એ પરસ્પર ભેટ-સોગાદની લેનદેનને પ્રત્સાહન આપ્યું છે, જેથી સમાજમાં પરસ્પર પ્રેમ અને સંબંધોમાં વિકાસ થાય, પરંતુ આજના મોડર્ન યુગમાં ભેટ-સોગાદો પણ ઉપભોગતાવાદી કલ્ચરના

પ્રસારનું માધ્યમ બની છે, અને ઘરોમાં બિનજરૂરી ચીજ-વસ્તુઓના ખડકલાનું નિમિત્ત બને છે. અલ્લાહના રસૂલને ખુશ્બૂ અને મધની ભેટ બહુ પસંદ હતી, તેથી આપણે પણ ભેટ આપતી વેળા આ નબવી પસંદને ધ્યાનમાં રાખીએ તો સમસ્યા નિવારી શકાય. જો આપણે પોતાના દોસ્ત કે સ્વજનની જરૂરતનો અંદાજો હોય તો ભેટ એવી જ આપવામાં આવે જેથી એની જરૂરત સંતોષાઈ શકે, એ જ રીતે કોઈ ખાવાની વસ્તુ આપી શકાય, અને આમાં સૌથી બેસ્ટ વસ્તુ કોઈ પુસ્તક ભેટમાં આપવું છે. જો આપણને કોઈ એવી ભેટ આપે જે આપણી જરૂરત ન હોય તો તેને પડી રાખવાને બદલે કોઈ જરૂરતમંદને આપી દેવી જોઈએ અથવા તેને રિસાઈકલ કરી શકાય.

(૧૨) સફાઈ અને સ્વચ્છતાને ઈસ્લામમાં અડધું ઈમાન કહ્યું છે, તેથી આપણું શરીર, ઘર, સોસાયટી, ખાણીપીણીની જગ્યાઓ, કપડાં અને આપણી આસપાસના માહોલને અત્યંત પાક-સાફ રાખવું જોઈએ, આ ઈસ્લામી તાલીમ અને તેની પ્રકૃતિનો તકાદો છે. રોડ ઉપર અને ગટરોમાં ઠોસ કચરો ફેંકવો એ પણ એક પ્રકારનો જુલ્મ છે, અને બીજા લોકોનો તેમજ આવનારી પેઢીનો હક મારવા સમાન છે, કારણ કે આમ કરવાથી લોકોને તો નુકસાન થાય જ છે પણ પર્યાવરણનું પણ નુકસાન થાય છે.

(૧૩) આપણે આપણા બાળકોના સ્વભાવમાં માનવતાની પરવા, પર્યાવરણની ચિંતા, આત્મસંતોષ, પરિશ્રમ અને શ્રદ્ધા જેવા ગુણોની ખીલવણી થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. બાળકોની એવી માનસિકતા બનાવવી જોઈએ કે તેઓ ભલે ખૂબ ભણે-ગણે ને કમાણી કરે, પણ તેનો ધ્યેય ભોગ-વિલાસ અને એશ-ઐયાશી ન હોવો જોઈએ, બલકે જીવનના ઉચ્ચ મૂલ્યોની પ્રાપ્તિ અને ઉચ્ચ ધ્યેયોને હાંસલ કરવાનું ધ્યેય હોવું જોઈએ. આપણે તેઓને નિતનવા રમકડાં, કપડાં ને વિવિધ વસ્તુઓની ખરીદી કરવાના શોખને બદલે તેઓ સારા-સારા પુસ્તકો અને મેગેઝિનોને વાંચતા-ખરીદતા થાય તેવો શોખ કેળવવો જોઈએ. સાહસ, પ્રવાસ અને દુનિયા જોવા-ખેડવાની ઈચ્છા જગાવવી જોઈએ. ગરીબોની મદદ અને મહેમાનોની સેવાનો શોખ પેદા કરવો જોઈએ. તેઓ વિવિધ કોમ્પિટિશનોમાં ભાગ લે તે માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. તેમનામાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય અને તેમની પર્સનાલિટી ડેવલપ થાય તે માટે તેમની ઉપર આપણું બજેટ ખર્ચવું જોઈએ, આવો શોખ ધરાવતા બાળકોમાં ભવિષ્યમાં મોટા કારનામાઓ અંજામ આપવાની ક્ષમતા નિર્માણ પામે છે, બાકી આજની પશ્ચિમી અને પૂંજીવાદી વ્યવસ્થા તો માનસિક ગુલામોની ફોજ તૈયાર કરી જ રહી છે.

અમારા કેટલાક વાચકોને આ વાતો વાચી કદાચ આશ્ચર્ય થતું હશે કે આવી નાની નાની બાબતોને આટલું મહત્ત્વ શા માટે અપાતું હશે? તો આપનું આ આશ્ચર્ય એ વાતની નિશાની હોય શકે કે આપ પશ્ચિમની ઉપભોગતાવાદી, મટીરિયલિસ્ટિક અને પૂંજીવાદી સંસ્કૃતિના હથકંડાઓથી અજાણ છો. યુરોપ અને અમેરિકામાં જ્યાં સામાજિક સભાનતા મહદઅંશે વધુ છે ત્યાં આવી બાબતોને લઈને ખૂબ સભાનતા અને કાળજી જોવા મળે છે. ન્યાયપ્રીય લોકો ઉપભોગતાના આ કલ્ચર, પર્યાવરણની કટોકટી અને મુંડીવાદી શોષણ વ્યવસ્થા વિરુદ્ધ બાકાયદા ચળવળો ને આંદોલનો ચલાવી રહ્યા છે.

જમીન ઉપર અલ્લાહના ખલીફા અને નાયબ હોવાને નાતે દરેક મુસલમાનની એ જવાબદારી છે કે તે કુદરતી સંસાધનોની સુરક્ષા કરે, જીવનના ઉચ્ચ મૂલ્યોની જાળવણી કરે, તેનો પ્રચાર અને પ્રસાર કરે. પરંતુ દુર્ભાગ્યવશ આપણો હાલ એ છે કે દીનદાર ગણાતા ખાનદાનો પણ ઉપરોક્ત મોડર્ન કલ્ચરની ગર્તામાં ડૂબેલાં છે અને તેઓને એ અહેસાસ પણ નથી કે જાણે-અજાણે તેઓ એ લાઈફ સ્ટાઈલ દ્વારા કોનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. માટે જરૂરત છે કે વર્તમાન લાઈફ સ્ટાઈલને બદલી ઈસ્લામી લાઈફ સ્ટાઈલને અપનાવવામાં આવે, અને આ ક્ષેત્રે વૈકલ્પિક લાઈફ સ્ટાઈલના નવા-નવા આઈડિયાઝ ક્રિએટ કરવા પર ધ્યાન આપવામાં આવે.

(આ લેખ લખવા માટે જનાબ સૈયદ સઆદતુલ્લાહ હુસૈની સાહેબના એક ઉર્દૂ લેખમાં વ્યક્ત કરેલ વિચારોની ખૂબ મદદ લીધી છે, જે બદલ હું તેમનો આભારી છું.) ⏭




હરસ
મસા
ભગંદર
આધુનિક પદ્ધતિથી નિદાન-ઓપરેશન
રેડીયો-સર્જરી, વીડીયોરેક્ટોસ્કોપ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ.સાદીક કાઝી (M.B.B.S., M.S.)
પેશન્ટ હાઉસ, ખમાસા, અમદાવાદ
8264004142, 65459513
પેશન્ટ હાઉસ નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અમદાબાદ
82640 04142, 90330 59513

# ઓપન માઇન્ડ અને કોમળ મન




**ઓપન માઈન્ડનું તાત્પર્ય છે બીજાઓના પ્રસ્તાવોને સાંભળવાની સ્થિતિમાં હોવું, ભલે તે તમારા માપદંડ ના વિરુદ્ધ હોય.**

## મૂળ પ્રશ્ન



**શિબ્લી અરસલાન**

**આજની** દુનિયામાં ઓપન માઈન્ડની સાથે વિચારવા અને વાત કરવા પર ખૂબ જ ભાર મુકવામાં આવી રહ્યો છે. જો કે વર્તમાન પરિસ્થિતિમાં આ ખુલ્લાપણું સૌથી વધુ મુશ્કેલ છે. વાસ્તવમાં આપણે સંક્રમણ કાળમાંથી પસાર થઈ રહ્યા છીએ. ખુલ્લા મન તથા સ્વભાવ વાળાઓ પણ સંક્રમિત થઈ રહ્યાં છે. એક એવું વાતાવરણ જ્યાં મનોહર મૂડમાં આપણે વાતો શેર કરી શકીએ, જે સમાપ્ત થઈ રહ્યું છે. આટલી હદે બેચેની વધી ગઈ છે કે ખુલ્લા મનથી બોલવું, વિચારવું પણ મુશ્કેલ થઈ રહ્યું છે. સમાચાર ચેનલ અને સોશ્યલ મીડિયાએ આ બેચેનીમાં વધારો કર્યો છે. ન્યૂઝરૂપી પ્રોડક્ટ વેચવા માટે એંકર્સની બજાર જેવી ભડકાઉ ભાષા અને સોશ્યલ મીડિયા રૂપી શેર બજારમાં ઉછાળો લાવવા માટે સસ્તી પોસ્ટ સતત હબ વધારતી રહી છે. મુદ્દો રાષ્ટ્રીય હોય કે આંતરરાષ્ટ્રીય ખુલ્લા મનથી બોલવું અને વિચારવું મુશ્કેલ થતું જાય છે. મામલો અફઘાનિસ્તાનનો હોય કે પેલેસ્ટાઇનનો, ઉત્તર પ્રદેશ ચુંટણી પર વાત થઈ રહી હોય કે કિસાન આંદોલન પર ચર્ચા, મામલો સામાજિક હિંસાનો હોય કે રાજનૈતિક હિસ્સાનો, વાત ધર્મ અને આધ્યાત્મની હોય કે પછી દર્શન અને નીતિશાસ્ત્રની, ખુલ્લા મનથી વિચાર વિમર્શ કરવાની જગ્યાઓ નાબૂદ થતી જઈ રહી છે. ક્યારેક ક્યારેક તો અહમદ નદીમ કાસિમીની નીચેની પંક્તિઓ સાચી લાગે છે...

**દેખના હદ્દે નઝર સે આગે બઢકર દેખના ભી જુર્મ હે,**
**સોચના, અપને અકીદો ઔર યકીનો સે નીકલકર સોચના ભી જુર્મ હે,**
**ક્યોં ભી કેહના જુર્મ હૈ, કેસે ભી કહેના જુર્મ હૈ,**
**ખુલે ઝહન સે સોચને કા મતલબ ક્યા હૈ?**

ખુલ્લા મનથી વિચારવાનો અર્થ થાય છે નવા વિચારો અને વિભિન્ન વિચારો તથા દૃષ્ટિકોણ પ્રત્યે ગ્રહણશીલ થવું. પોતાના વિચારને પડકાર આપવો અને આ વિચાર કરવો કે નવા વિચાર તમને દુનિયા વિશે ન ફક્ત નવી જાણકારી આપી શકે છે, બલ્કે આ તમને પોતાના વિશે નવી વાતો પણ શીખવી શકે છે. અર્થાત્ આપણા વિચારવા અને સમજવાની શક્તિને બદલવા માટે તૈયાર રહેવું. જો તમે અન્ય વિચારો અને દ્રષ્ટિકોણ માટે સ્વતંત્ર નથી, તો એ બધા કારકોને જોવા મુશ્કેલ છે, જે સમસ્યાઓમાં યોગદાન કરે છે તથા તેની સાથે પ્રભાવી સમાધાન લઈને આવે છે. ઓપન માઈન્ડનું તાત્પર્ય છે બીજાઓના પ્રસ્તાવોને સાંભળવાની સ્થિતિમાં હોવું, ભલે તે તમારા માપદંડ ના વિરુદ્ધ હોય.

ઓપન માઈન્ડના રસ્તામાં આવતી અડચણો...

**(૧) અજ્ઞાતથી ડર :** અરબી ભાષામાં એક કહેવત છે કે વ્યક્તિ જેને નથી જાણતો અર્થાત્ જે અજ્ઞાત છે, તેને તે શત્રુ માની લે છે. પછી તે અજ્ઞાત એ શત્રુથી વગર કોઈ કારણે ડરતો રહે છે.

**(૨) સ્થિરતાવાદ :** કમ્ફર્ટ ઝોનમાં રહેતો માનવ સ્વભાવ તેને સ્થિરતાવાદ બનાવી દે છે. પછી તે કોઈ પરિવર્તન ઈચ્છતો નથી. તેમની પાસે તેના મનને બદલવા અને બીજાના વિચારો પર ગંભીરતાથી વિચાર કરવાની ક્ષમતા રહેતી નથી.

**(૩) પૂર્વાગ્રહ :** આ દુનિયા પૂર્વાગ્રહોથી ભરેલી છે. અન્ય ધર્મ, સમુદાય અને સમૂહોના વિશે જાત જાતના પૂર્વાગ્રહ, ચુંટણીની રાજનીતિ આ પૂર્વાગ્રહોને ખતમ થવા દેતી નથી, બલ્કે તેનું પોષણ કરે છે. સાંપ્રદાયિક ઉન્માદનું વાતાવરણ પેદા કરીને પૂર્વાગ્રહોને પ્રોત્સાહન આપે છે. ઓપન માઈન્ડ અને ખુલ્લા મનથી વિચારવાના રસ્તામાં સૌથી મોટું અડચણ આ પૂર્વાગ્રહનું વાતાવરણ છે.

**અંતમાં,**

જો આપણે વ્યક્તિગત સંબંધોમાં, વ્યવસાયમાં અને સામાન્ય રૂપે જીવનમાં સફળતા માટે આપણી ક્ષમતાનો વધુ પડતો ઉપયોગ કરવા ઈચ્છીએ છીએ, તો એક સ્વતંત્ર, કોમળ મન હોવું જરૂરી છે. જો તમે સ્વતંત્ર વિચારના છો, તો નવા વિચાર તમને નવા અવસર આપશે. કંઈક નવું કરવા માટે વિચારોમાં પણ નવીનતા હોવી જરૂરી છે. અને આ ત્યારે થશે, જ્યારે નવા વિચારોનું સન્માન કરીશું. ઈશ્વરે આપણને બે બે આંખો એટલા માટે આપી છે કે જેથી આપણે જડ માનસિકતા અને બંધ મગજના ન રહીએ. "શું આંધળો અને આંખોવાળો સમાન હોય છે? શું પ્રકાશ અને અંધકાર સરખા હોય છે?" (સૂરઃ ૨અદ : ૧૬) ⏭

# એક અંધ બિલ્ડરે એકલા હાથે મકાન બાંધ્યું...

**પ્રેરણાદાયી ઘટના**



**મોહમ્મદ સઈદ શેખ**
(9624046677)

જો તમને ત્રણ માળના મકાનનું પૂઠાનું મોડેલ બનાવવાનું કહેવામાં આવે તો આવો કોઈ અનુભવ ન હોવા છતાં પણ થોડી મુશ્કેલી સાથે તમે બનાવી આપો. પણ સાથે એ શરત મૂકી દેવામાં આવે કે આંખે પાટા બાંધી તમારે સ્કેલ મુજબ એક ઈંચ તો ઠીક એક સેમીનો પણ ફરક ન આવે એવી રીતે મોડેલ બનાવવાનું છે? તો કદાચ તમે નહિ બનાવી શકો અથવા તો પ્રયત્ન કરશો તોય થોડું ઘણું તો આગળ પાછળ થઈ જ જશે. એક પરફેક્ટ મોડેલ તો નહિ જ બને. મોડેલ તો નાનકડું હોય છે. એની ઉપર તમારે ચઢવાનું નથી હોતું. તમે તેને આગળ પાછળ સરળતાથી ફેરવી શકો, ઊંધું ચત્તું પણ કરી શકો. હવે મોડેલને બદલે આંખે પાટો બાંધી ત્રણ માળનું લાકડાનું મકાન તમારા એકલાને બનાવવાનું કહેવામાં આવે અને એ પણ સંપૂર્ણ લાઈનદોરી અને બિલકુલ ઓળમ્બામાં હોવું જોઈએ. તમે કરી શકો?

એક સિવિલ એન્જીનીયર તરીકે અમે કહી શકીએ કે આ એક અશક્ય નહિ તોય અતિશય મુશ્કેલ કાર્ય છે. પણ દુનિયામાં કેટલાક લોકો આવા અતિશય મુશ્કેલ કાર્યો કરવા જ જાણે જન્મતા હોય છે. આ અશક્ય લાગતું કામ અમેરિકાના ફ્રાન્સીસ એ. બરડેટે કર્યું હતું. અને એ ઈજનેર નહતો. સૌથી મોટી વાત તો એ કે ત્યારે એ આંધળો હતો!

એક અકસ્માતમાં પચાસ વર્ષની ઉમરે ફ્રાન્સીસ બરડેટે દ્રષ્ટિ ગુમાવી દીધી હતી. બાળપણથી અંધ વ્યક્તિ કામ કરવા ટેવાયેલી હોય છે, પણ આધેડ વયે દ્રષ્ટિ ગુમાવ્યા પછી કોઈ કામ કરવું ખરેખર મુશ્કેલી ભર્યું છે. નિવૃત્ત થયા પછી માણસ આરામ કરવાનું પસંદ કરે છે, પરંતુ નવરા બેસી રહેવું બરડેટની પ્રકૃતિમા જ ન હતું. મૂળે એ સોની હતો. અને ક્યારેક ઘડિયાળો પણ રીપેર કરતો. આંખો ગુમાવ્યા પછી એ હાથ પર હાથ ધરીને બેસી ન રહ્યો. એ કેટલાક સુથારી કામના ઓજારો ખરીદી લાવ્યો અને લાકડાની નાની નાની વસ્તુઓની મરામત કરવા લાગ્યો. ખુરસી-ટેબલની મરામત કરતો. પછી એ બનાવતા શીખ્યો. એમ કરતા કરતા એને સુથારી કામ પર ફાવટ આવી ગઈ.

ત્રેસઠ વર્ષની ઉમરે એણે વિચિત્ર નિર્ણય કર્યો, જે પહેલી દ્રષ્ટીએ હાસ્યાસ્પદ અને અને અશક્ય લાગે એવું હતું. એણે લાકડાનું ઘર બાંધવાનું નક્કી કર્યું. એ પણ એકલા હાથે!

ઘર બાંધવા માટે સૌપ્રથમ તો પૈસા જોઈએ. લોન મળે એમ ન હતું. એની પત્ની એક અસ્પતાલમાં નર્સ હતી. એની કમાણીમાંથી એમનું ગુજરાન ચાલતું હતું. પણ ઘર બાંધી શકાય એટલી બચત ન હતી. એણે બિલ્ડીંગ મટીરીયલ વાળાને વિશ્વાસમાં લીધો. સામાનના બદલામાં હપ્તે હપ્તે રકમ ચૂકવવાનું નક્કી કરી લીધું.

મકાન બાંધવા પ્લાન કે નકશાની જરૂર પડે. એણે કોઈ આર્કિટેક્ટનો રોક્યો નહિ. પોતાના મનમાં જ મકાનનો નકશો બનાવી લીધો. મકાન બનાવવા માટે કોન્ટ્રાકટરને કામ સોંપી દેવામાં આવે છે. પણ એણે તો આ કાર્ય પોતે જ કરવાનો નિર્ણય કર્યો.

અંદાજે છવ્વીસ ફૂટ લાંબા, ઓગણીસ ફૂટ પહોળા, અને ઓગણત્રીસ ફૂટ ઊંચા મકાનનું બાંધકામ એણે શરૂ કર્યું. એણે સિમેન્ટ કોંક્રીટના પાયા પર મકાન ચણવાનું નક્કી કર્યું હતું. એણે પાયા ખોદવા અને કોંક્રીટ નાખવા માટે જ મજૂરોની મદદ લીધી, એ સિવાય બધુ જ કામ પોતે એકલા હાથે કર્યું. એણે એવું ડ્રેસ સિવડાવી લીધું હતું જેમાં જરૂરી બધા જ ઓજારો મૂકી શકાય. એકલા હાથે એ લાકડાને વહેરતો. એને એના સ્થાને મૂકી ખીલીઓ ઠોકતો.પછી સામેની બાજુ જઈ એ જ લાકડાને ખીલીથી ફીટ કરતો. તમે વિચાર કરો એક આંધળો માણસ કેટલી ધીરજથી કામ કરતો હશે? સવારથી લઈ રાત્રે અંધારૂં થઇ જાય ત્યાં સુધી એ કામ કરતો. કેટલીક વખત તો એના પાડોશી એને કહેતા કે ભાઈ હવે રાત પડી ગઈ છે અમારા આરામ કરવાનો સમય થઇ ગયો. તું પણ ઘરે જઈ આરામ કર. બીજા દિવસે સવારે એ જ ઉત્સાહથી પોતાના કામમાં લાગી જતો.

એણે પહેલા તો લાકડાની ફ્રેમ તૈયાર કરી.પછી પ્રથમ માળનું ફ્લોરિંગ કર્યું. બીજા માળની લાકડાની ફ્રેમ તૈયાર કરી અને બીજા માળનું ફ્લોરિંગ કર્યું. આ કામ એ કરી રહ્યો હતો ત્યારે આસપાસના લોકોને ખબર પડતી કે એક અંધ વ્યક્તિ મકાન બનાવી રહી છે ત્યારે એમને વિશ્વાસ નહતો થતો. ખાતરી કરવા ઘણા લોકો આ મકાન જોવા આવતા. હવે જયારે બીજા માળની ઉપર છાપરૂં નાખવાનું હતું ત્યારે લોકોને કુતુહલ થતું કે એક આંધળી વ્યક્તિ એકલા હાથે છાપરૂં કેવી રીતે ફીટ કરશે. ક્યાંક પડી તો નહિ જાય. કયાંક એને વાગશે તો નહિ. અત્યાર સુધી જેટલું કામ કર્યું હતું એ સરસ અને અદભૂત હતું. હવે પતરા નાખવા માટે એણે કોઈની મદદ તો લેવી જ જોઈએ એવું કેટલાક લોકો માનતા હતા. પરંતુ મનમાં બધી ગણતરીઓ કરી આ અંધ બિલ્ડરે સ્કાફોલ્ડીંગ બાંધી મકાનનું સૌથી મુશ્કેલ કાર્ય - ડચ કોલોનિયલ રૂફ- બાંધવાનું પણ પૂરૂં કર્યું. બારી અને દરવાજા પણ વ્યવસ્થિત રીતે બેસાડી દીધા. અઢી વર્ષમાં એણે મકાન બાંધી દીધું.

કેટલાક લોકોને વિશ્વાસ નહતો થતો કે બરડેટ આંધળો છે. ક્યાંક એ પોતાની પબ્લીસીટી માટે તો આ કામ નહોતો કરી રહ્યો? અથવા તો એ આંધળો હોય જ નહિ? કેટલાક લોકો તો એની ચકાસણી પણ કરતા કે એ જોઈ શકે છે કે નહિ. પરંતુ જયારે એમને જણાઈ જતું કે એ ખરેખર આંધળો છે ત્યારે પોતે ભોંઠપ પણ અનુભવતા. કેટલાકે તો આ વાર્તાઓ પણ ઘડી કાઢી હતી કે આ આંધળા બિલ્ડરને મદદ કરનાર કોઈ ભૂત પ્રેત જ હોવું જોઈએ. નહિ તો આવા અંધારામાં કોણ કામ કરી શકે? કેમ કે એ સવારથી લઈ રાત્રે અંધારામાં પણ કામ કરતો હતો. પણ એના માટે તો રાત દિવસ સરખાજ હતા.

કેટલાક પત્રકારોને જયારે આ વાતની ખબર પડી તો આ આંધળા બિલ્ડરની મુલાકાત લેવા આવ્યા. દેશ વિદેશમાં આ સમાચારો છપાયા અને મકાનની અને બરડેટની તસ્વીરો પ્રકટ થઈ. એ પછી તો ઘણા લોકો એને અને એના મકાનને જોવા આવવા લાગ્યા. લોકો આને ચમત્કારિક મકાન કહેતા.

૧૯૩૦ના દાયકામાં રિડલીના ‘બીલીવ ઈટ ઓર નોટ’ ટીવી કાર્યક્રમમાં પણ આની નોંધ લેવાઈ હતી. એમણે કબુલ્યું હતું કે જો અમે અમારી આંખોથી ફ્રાન્સીસ બરડેટને આ મકાન બાંધતા ન જોયો હોત તો અમે પણ વિશ્વાસ ના કરતા.

ત્રણ માળના આ મકાનમાં સાત ખંડો આવેલા છે. આ મકાન નેવાર્ક, પોમ્પટન ટર્નપાઇક વેયન, ન્યુ જર્સીમાં આજે સો વર્ષે પણ અડીખમ ઊભું છે.

આમાં માનવજાત માટે એક મોટો સંદેશ છુપાયેલો છે. શ્રદ્ધાળુઓને પ્રેરણા પૂરી પાડે છે અને આશાવાદીઓ માટે આશાનું કિરણ. નાની નાની વાતોમાં હિંમત હારી જતા લોકોને હિંમત આપે છે. એકલા એકલા પણ કેટલું બધું કરી શકાય છે એનું આ ઉદાહરણ છે. ધીરજ અને ખંતથી કોઈ પણ કાર્ય કરી સફળતા મેળવી શકાય છે. એક અંધ વ્યક્તિ જો એટલું સરસ કાર્ય કરી સફળ થઇ શકે તો દેખતા માણસો જીવનમાં સફળતા કેમ ન મેળવી શકે?

વિલિયમ વારેક્રેમ્પે ૧૯૨૮માં બરડેટ અને આ મકાન વિષે “The House the blind man built” નામક પુસ્તક લખ્યું હતું. જિંદાદિલી, આનંદ અને સતત ઉત્સાહથી જીવતા બરડેટે પ્રખર સંકલ્પ શક્તિ, ધીરજ અને પ્રેરણાનું એક સબળ ઉદાહરણ પૂરું પાડી સાબિત કર્યું હતું કે જીવનમાં ગમે તેટલી મોટી મુશ્કેલી હોય ,અડચણ હોય કે વિઘ્નો હોય એને પડકારીને પણ સફળ થઇ શકાય છે.

એણે કહ્યું હતું કે ‘કોઈ પણ બાબતમાં-ભલે એ સીધી સરળ હોય કે અતિ મુશ્કેલ ,મહાન હોય કે તુચ્છ - સફળ થવા માટે માણસ પાસે ઉદ્દેશ, ઈરાદો, રુચિ અને સંકલ્પ શક્તિ હોવા જરૂરી છે. ભલે માણસ ધીમી પ્રગતિ કરે (હું આંધળો હતો એટલે સ્વાભાવિક રીતે જ મારી પ્રગતિ ધીમી હતી) પણ સતત કરતો રહે અને આનંદ-ઉલ્લાસથી કરે. હું માનું છું કે લક્ષ્ય સુધી પહોંચવા માટે આનંદ-ઉલ્લાસ આવશ્યક છે. જ્યાં સુધી માણસ કામનો પ્રારંભ નથી કરતો ત્યાં સુધી એનામાં છુપાયેલી પ્રતિભાની એને જાણ નથી થતી. તમારા બાહ્ય દેખાવ જોઈને લોકો તમને નિર્બળ માનશે, અને તમને નકારાત્મકતા તરફ લઇ જશે. પણ માણસે હમેશા હકારાત્મક અભિગમ જાળવી સતત લક્ષ્ય તરફ આગળ વધતા રહેવું જોઈએ.’

જો એક અંધ વ્યક્તિ નિર્ધારિત ફોર્મ્યુલાથી સફળ થઈ શક્તી હોય તો તમે કેમ નહી? આ આંધળા બિલ્ડરને તમારી પ્રેરણા બનાવો. ⏭


**Eye Guard Opticals**

Irfan Saiyad Mo. : 98252 84358





We make spectacles as per Dr. Prescription. Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point, Hanuman Gali, Opp. Kumar Sala No. 1, Raopura, Vadodara



# ઇસ્લામથી ડરવાની જરૂરત નથી

વિમર્શ



ડૉ. ફરહત હુસૈન

ઈસ્લામ ધર્મથી ડરવાની જરૂરત નથી. તે તો તમામ ધર્મોનો આદર કરવાનું શિક્ષણ આપે છે. તેમજ તમામ ધર્મગ્રંથોને માન્યતા આપે છે (કુર્આન,૨:૪). અને તમામ ઈશદૂતોમાં આસ્થા રાખવાનો આદેશ આપે છે. એ આદેશ પણ આપે છે કે ધર્મની બાબતમાં કોઈ જોરજબરદસ્તી નથી (કુર્આન, ૨:૨૫૬). હઝરત મુહમ્મદ સ.અ.વ. અંતિમ ઈશદૂત છે અને તેમને સંપૂર્ણ બ્રહ્માંડ માટે દયા અને કૃપા બનાવીને મોકલવામાં આવ્યા છે (કુર્આન, ૨૧:૧૦૭). તેમનું શિક્ષણ સમગ્ર માનવજાત માટે છે. સંસ્કૃતના વિદ્વાનોની શોધ અનુસાર હઝરત મુહમ્મદ સ.અ.વ.ના આગમનની ભવિષ્યવાણીનો ભારતીય ધર્મગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (જુઓઃ પંડિત વેદ પ્રકાશ ઉપાધ્યાયના લેખ). કુર્આનનું શિક્ષણ સમસ્ત માનવો માટે છે. ઈશભક્તિ, ઈશપરાયણતા, પરલોકમાં મોક્ષની પ્રાપ્તિ, સંસારમાં ન્યાય, સમાનતા, શોષણમુક્તિ, પ્રેમ અને દયાભાવથી પરિપૂર્ણ સામાજિક જીવન તેમજ સમૃદ્ધ આર્થિક વાતાવરણ પર ભાર મૂકવામાં આવ્યો છે.

હા, પ્રત્યેક સમાજની જેમ મુસ્લિમ સમાજમાં પણ અમુક લોકો સાચા સિદ્ધાંતોથી વિપરીત અસત્ય, અન્યાય તથા શોષણનો માર્ગ અપનાવી શકે છે, હિંસા અને આતંક જેવા કાર્યો સુદ્ધાં થઈ શકે છે. આવા લોકોનું સમર્થન તો દૂરની વાત, તેમના ઉપર કઠોર કાર્યવાહી કરવાની મુસ્લિમ સમાજ હંમેશાં હાકલ કરે છે. પરંતુ તે એક નિષ્પક્ષ ન્યાયિક પ્રણાલીના માધ્યમથી હોય, નહીં કે ટોળા દ્વારા કે પૂર્વગ્રહ ધરાવતા લોકોના ઉશ્કેરાટ દ્વારા. આ સાથે મુસ્લિમ સમાજની આ જવાબદારીથી પણ ઈન્કાર થઈ શકે તેમ નથી કે સમાજ સુધારના કાર્યો તેણે દૃઢતાપૂર્વક કરતા રહેવા પડે તેમજ દરેક પ્રકારના નકારાત્મક વિચારોથી લોકોને બચાવવામાં આવે. મુસલમાનોનું સંપૂર્ણજીવન કુર્આન અને હઝરત મુહમ્મદ સ.અ.વ.ના શિક્ષણ અને બોધ મુજબ હોય. તેઓ તમામ લોકો માટે પરોપકારી સાબિત થાય. સમાજ તથા પોતાના દેશના વિકાસ અને ઉત્થાનમાં તથા અહીં શાંતિ-સલામતી અને સદાચારનું વાતાવરણ બનાવવામાં પોતાની પૂરી શક્તિ લગાવી દે. આ જ ઈસ્લામનું શિક્ષણ છે અને ઈશ્વરને પણ આ જ પસંદ છે.

**મુસલમાનોની જવાબદારીઃ**

મુસલમાનોના ધર્મગુરુઓ, બુદ્ધિજીવી લોકો તેમજ સામાજિક કર્મશીલોએ દેશવાસી ભાઈ-બહેનોના ભ્રમોને, તેમના મનના કાલ્પનિક અને મીડિયા દ્વારા ઉપજાવી કાઢેલા ભયને દૂર કરવાના પ્રયાસ કરે, તેમજ તેમના વાસ્તવિક સમાજે વિ. સામાન્ય મુસલમાનો પણ પોતાના કાર્ય, વ્યવહાર અને આચરણ દ્વારા લોકોને ઈસ્લામના શિક્ષણથી પરિચિત કરાવે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ન્યાયના માર્ગથી વિચલિત ન થાય. કોઈ પણ પ્રતિક્રિયા કે પ્રતિશોધનો શિકાર ન બને અને અલ્લાહ પર સંપૂર્ણ ભરોસો રાખે.

**સકારાત્મક વાતાવરણ જરૂરી છેઃ**

સમાજમાં ભય, નફરત અને દુશ્મનીના આ વાતાવરણથી બની શકે કે અમુક લોકોને ખપપૂરતા રાજકીય લાભ પ્રાપ્ત થઈ જાય, પરંતુ આ દેશ અને સમાજ માટે ઘાતક છે. સભ્ય સમાજમાં ટોળા દ્વારા હત્યાઓ, નવયુવાનોને શસ્ત્ર ચલાવવાની ટ્રેનીંગ, એક વિશેષ સમુદાયને પ્રત્યેક બાબતે દોષિત માનીને તેને ખલનાયકના સ્વરૂપે રજૂ કરવો, ઈતિહાસની વિકૃત વ્યાખ્યાઓ કરવી, એવો પ્રચાર કરવો કે ઈસ્લામ અને મુસલમાનોમાં કોઈ પણ ભલાઈ નથી તેમજ સમાજ અને દેશ માટે મુસલમાનોના યોગદાનનો સ્વીકાર કરવાના સ્થાને માત્ર ખોટું જ જોવું અને ખોટું જ બતાવવું - અમુક ગણ્યા-ગાંઠ્યા લોકોના અપરાધ માટે સમગ્ર સમુદાયને દોષિત ઠેરવી દેવો કોઈપણ રીતે ઉચિત અને ન્યાયસંગત નથી. આનાથી વધારે કરૂણતા બીજી કઈ હશે કે જુલ્મ અને ઉત્પીડન કરનારાઓના અત્યાચારોના ગુણગાન થાય અને આવા લોકોનું



**દેશમાં તમામ ધર્મો અને સંપ્રદાયો વચ્ચે પરસ્પર વિશ્વાસ-સૌહાર્દ અને ભાઈચારો સ્થાપિત થઈ જાય, જેના માટે ભારત વખણાય પણ છે**

સાર્વજનિક રીતે જાહેરમાં સન્માન કરવામાં આવે.

**ન્યાયપ્રિય લોકો આગળ આવેઃ**

આ નકારાત્મક વિચારો અને આચરણથી સમાજને બહાર કાઢવા માટે તમામ સંપ્રદાયોના પ્રભાવશાળી અને પ્રતિષ્ઠિત બૌદ્ધિકો અને ન્યાયપ્રિય લોકો આગળ આવે. તમામ પક્ષો વચ્ચે સૌહાર્દનું વાતાવરણ બનાવવા માટે સંપર્ક અને વાર્તાલાપની પ્રક્રિયા ચાલુ રહેવી જોઈએ. જેટલા મોટા પ્રમાણમાં વાતાવરણને બગાડવામાં આવી રહ્યું છે તેની જ સમયસર નોટીસ લેવી જોઈએ. પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, સોશિયલ મીડિયા અને શૈક્ષણિક સંસ્થાઓએ પણ દેશના વાતાવરણને સુધારવામાં સકારાત્મક ભૂમિકા ભજવવા માટે તૈયાર થવું જોઈએ. એ પહેલાં કે નફરત અને દ્વેષનું ઝેર ફેલાઈને ઘાતક બની જાય આપણે સચેત અને જાગૃત બની જવું જોઈએ. દેશમાં તમામ ધર્મો અને સંપ્રદાયો વચ્ચે પરસ્પર વિશ્વાસ-સૌહાર્દ અને ભાઈચારો સ્થાપિત થઈ જાય, જેના માટે ભારત વખણાય પણ છે, અને આ જ એક ફોર્મ્યુલા છે જેના વડે શાંતિ-સલામતિ અને આર્થિક ખુશહાલી સ્થાપિત થઈ શકશે અને આપણો દેશ વિશ્વકક્ષાએ આગળ પડતી ભૂમિકા નિભાવવાની સ્થિતિમાં આવી શકશે.

("કાન્તિ" માસિકના સૌજન્યથી) ⏭

# આજે વચનપાલનનો દિવસ છે





● સંપાદનઃ
**મુહમ્મદ અમીન શેઠ**

**અલ્લાહના** અંતિમ રસૂલ સ.અ.વ. મક્કાથી હિજરત કરીને મદીના જઈ રહ્યા હતા. આપના સાથે હઝરત અબુબક્ર રદી., તેમના ગુલામ આમિર બિન ફુહેરા અને ભોમિયા તરીકે અબ્દુલ્લાહ બિન અરીકત હતા. આ કાફલો જ્યારે બનુ મુદલજના ઈલાકા કુદેદથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેને બનુમુદલજના બદ્દુ સરદાર સુરાકા બિન માલિકે રોકવાના નિષ્ફળ પ્રયાસો કર્યા હતા. લાંબા કદનો આ બદ્દુ ખૂબ જ વિખ્યાત ઘોડેસવાર હતો. તેને કુરૈશના એલાનના સમાચાર મળી ચૂક્યા હતા કે જે વ્યક્તિ અલ્લાહના રસૂલ સ.અ.વ.ને જીવતા કે મૃતહાલતમાં પકડી લાવશે તેને સો ઊંટોનું ઈનામ આપવામાં આવશે. સુરાકા ઈનામની લાલચમાં પીછો કરવા લાગ્યો. તેણે શગૂન પણ કઢાવ્યું જેનું પરિણામ તેની ઈચ્છાથી વિરુદ્ધ નિકળ્યુ.શગૂન મુજબ કાફલાના પાછળ જવામાં તેને કોઈ લાભ થવાનો ન હતો, પરંતુ તેના ઉપર તો સો ઊંટોના ઈનામનું ભૂત સવાર હતું. તેણે શગૂનને નજરઅંદાજ કરી દીધું.

આ તરફ અલ્લાહના રસૂલ સ.અ.વ.ની પવિત્ર જીભથી શબ્દો નીકળ્યાં "હે અલ્લાહ! તું જે રીતે પણ ઈચ્છે અમને તેનાથી બચાવી લે." આ તરફ આ શબ્દો નીકળ્યા અને બીજી તરફ આ કાફલાના સમીપ આવી ગયેલા સુરાકાના ઘોડાના આગળના બંને પગ સખત જમીનમાં ઢીંચણ સુધી ખૂંપી ગયા અને સૂરાકા જમીન પર ગબડી પડ્યો. તેણે વારંવાર પીછો કરવાના પ્રયત્નો કર્યા હતા પરંતુ દર વખતે નિષ્ફળ રહ્યો. આ તેનો અંતિમ પ્રયાસ હતો. સૂરાકાના

મનમાં આ વાત બેસી ગઈ કે જે પણ આ કાફલાનો પીછો કરશે તે બર્બાદ થઈ જશે તેને વિશ્વાસ થઈ ગયો કે મુહમ્મદ સ.અ.વ.ને વર્ચસ્વ મળીને જ રહેશે.

હવે સૂરાકાએ અલ્લાહના રસૂલ સ.અ.વ.થી તેને છોડી દેવાની વિનંતી કરતા અમનનો પરવાનો માગતા કહ્યું કે મારા માટે માફીનો પરવાનો આપ લખાવી આપો જે આપણા વચ્ચે નિશાની સ્વરૂપે રહે. આપ સ.અ.વ.એ હઝરત અબુબક્ર રદી.ના ગુલામ આમીરના પાસે પરવાનો લખાવીને તેને સુપ્રત કરી દીધો. સુરાકાએ અલ્લાહના રસૂલ સ.અ.વ.ને મક્કાના સરદારોના નિર્ણયો અને સો ઊંટોના ઇનામની માહિતી આપવા સાથે આગળના પ્રવાસ માટે સાધન સામગ્રી આપવાની ઓફર પણ કરી પરંતુ આપે તે લેવાની ના પાડતા માત્ર એટલું જ કહ્યું કે, “અમારા વિશેની માહિતી કોઈને પણ ન આપતા.” આ પ્રસંગે અલાહના રસૂલ સ.અ.વ.,એ સુરાકાને એક ભવિષ્યવાણી સંભળાવતા કહ્યું કે, સૂરાકા તે સમયે તમારી સ્થિતિ કેવી હશે જ્યારે કે તમારા હાથમાં કિશ્રા (ઈરાનની મહાસત્તા)ના કંગન પહેરાવવામાં આવશે. જ્યારે કે તમે તો અત્યારે ઈમાન પણ લાવ્યા નથી.. આ ભવિષ્યવાણી દ્વિતિય ખલીફા હઝરત ઉમર રદી.ના સમયમાં જ્યારે ઈરાનનો વિજય પ્રાપ્ત થયો ત્યારે અક્ષરસ સાચી પડી.

સૂરાકાએ આ પરવાનો સંભાળીને રાખ્યો હતો. અલ્લાહના રસૂલ સ.અ.વ. હુનૈનના યુદ્ધ વખતે જોઅરાના સ્થળે રોકાયા હતા. અન્સારી સહાબાની એક જમાઅત આપના તંબુનો પહેરો દઈ રહી હતી જેથી કોઈ પરવાનગી વગર આગળ ન જઈ શકે. બનુમુદલજનો આ બદુ સરકાર તમામ અવરોધોને પાર કરીને આગળ વધી રહ્યો હતો. સહાબા રદી. તેને રોકવા લાગ્યા. અરે, અરે, આમ ક્યાં જઈ રહ્યા છો? શું કામ છે? પરંતુ સૂરાકાની એ શાન છે કે તેણે તે પરવાનો પોતાના ખિસ્સામાંથી કાઢીને પોતાની બે આંગળીઓમાં પકડીને બતાવી રહ્યો હતો. આ તરફ અલ્લાહના રસૂલ પણ તેનો અવાજ સાંભળી રહ્યા હતા. સૂરાકાએ ઊંચા અવાજે કહ્યું : “હે અલ્લાહના રસૂલ! સ.અ.વ. હું સૂરાકા બિન માલિક બિન જાઅસમ છું અને મારા પાસે આપનો પરવાનો છે.” અલ્લાહના રસૂલ સ.અ.વ.એ તંબુમાંથી સૂરાકા તરફ જોયું અને હસી પડ્યા. આપ સ.અ.વ.ને તે હિજરતનો પ્રસંગ યાદ આવી ગયો કે આ બદુએ અમારો પીછો કર્યો હતો. આપ સ.અ.વ.એ સહાબાથી કહ્યું : “તેને આવવા દો આજે વચનપાલનનો દિવસ છે.તેને મારા પાસે આવવા દો.”

સૂરાકા અલ્લાહના રસૂલ સ.અ.વ.ના સમીપ ગયો, આપને સલામ કર્યો અને આપના હાથ ઉપર ઇસ્લામનો સ્વીકાર કરીને વચનબદ્ધ થયો અને સહાબી હોવાનું સન્માન પ્રાપ્ત કર્યું. આ પ્રસંગે સૂરાકાએ અલ્લાહના રસૂલ સ.અ.વ.થી સવાલ કર્યો કે, હે અલ્લાહ રસૂલ! સ.અ.વ. હું મારા ઊંટોને હોજમાં પાણી ભરીને પીવડાવું છું. મારા ઊંટો સિવાય અન્ય લોકોના ઊંટો પણ તે પાણી પીવા આવી જાય છે. જો હું તેમને પણ પાણી પીવડાવું તો શું મારા માટે બદલો છે? અલ્લાહના રસૂલ સ.અ.વ.એ પ્રેમપૂર્વક તેના ખભે હાથ મૂકીને ફરમાવ્યું, “હા, કેમ નહીં. દરેક જીવતી ચીજ સાથે ભલાઈ કરવાનો બદલો પણ છે અને સવાબ પણ...”

કેવો અદ્‌ભૂત બનાવ – રણમાં શત્રુ બનીને પીછો કરનાર એક વ્યક્તિ આજે કેટલી મોહબ્બત સાથે શરણે આવીને ધન્ય બની જાય છે. ⏭



## સમીક્ષા



**રાશિદ અનવર**



# અર્તૂરૂલ ગાઝી
## મનોરંજનનું નવું મોડેલ

**તુર્કીની** ડ્રામા સિરીઝ અર્તૂરૂલ ગાઝીએ ભારતીય ઉપમહાદ્વિપ ખાસ કરીને ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં ધૂમ મચાવી દીધી છે. આ ડ્રામો પહેલી વખત ૨૦૧૪માં આવ્યો, જેનું મૂળ નામ દ્વિતીય અર્તૂરૂલ છે, જે ટર્કિશ ભાષામાં હતી. જેને તુર્કીની સરકારી ટેલિવિઝન ચેનલ ટીઆરટીએ સૌ પ્રથમ પ્રસારિત કરી. સન ૨૦૨૦માં પાકિસ્તાની ચેનલ પીટીવીએ ઉર્દૂમાં અનુવાદ કરી પ્રસારિત કરવાનું શરૂ કર્યું, જે યૂટ્યુબ ઉપર પણ ઉપલબ્ધ છે. આ સીરિયલની લોકપ્રિયતાનો અંદાજ આના પરથી લગાવી શકાય છે કે દર્શકોની સંખ્યા કરોડોમાં છે. ગામે ગામમાં ધૂમ મચાવી છે, ઘણાં બધાં મુસ્લિમ યુવાનોએ સીરિયલના અદાકાર અર્તૂરૂલને પોતાનો રોલ મોડેલ માની લીધો છે. વૃદ્ધો, બાળકો, યુવાનો, છોકરાઓ તથા છોકરીઓ આતુરતાપૂર્વક આગલા એપિસોડની રાહ જોતા હોય છે. ઘણા વિશેષજ્ઞોએ તો આને "ગેમ્સ ઓફ થાર્નસ" સુધીની સંજ્ઞા આપી દીધી છે. વાસ્તવમાં આ સિરીઝમાં ઓસ્માનિયા સલતનત સ્થપાઈ તેની ગાથા પ્રસ્તુત કરવામાં આવી છે, જેની અવધિ લગભગ ૬૦૦ વર્ષ છે. ઓટોમન સામ્રાજ્ય જો કે ૨.૨ કરોડ વર્ગ કિલોમીટર સુધી ફેલાયેલો હતો, જેનો વિસ્તાર ઈજિપ્ત, ગ્રીસ, બલગેરિયા, રોમાનિયા, મેસેડોનિયા, હંગરી, પેલેસ્ટાઈન, જોર્ડન, લેબનોન, સીરિયા અને અરબના વધુ પડતા ભાગોના નજીક આફ્રિકાના તટીય વિસ્તારો સુધી ફેલાયેલો હતો. આવો, જાણવાનો પ્રયાસ કરીએ કે આની સ્ટોરી શું છે ? આની વિશેષતાઓ અને ત્રુટીઓને જાણવાનો પ્રયાસ કરીએ છીએ. પાંચ સીઝન પર આધારિત આ સિરીઝમાં ૪૪૮ એપિસોડ છે. એક એપિસોડ લગભગ ૪૫ મિનિટનો છે. જો કોઈ વ્યક્તિ એક સાથે જોવા ઈચ્છે તો પણ ૩૩૬ કલાકથી ઓછો સમય નહિ લાગે.

પહેલી સીઝનમાં કાઈ કબીલા તથા સલીબી (ઈસાઈઓ)ની વચ્ચે સંઘર્ષની સ્ટોરી છે, દ્વિતીય સીઝનમાં મંગોલ, દોદુર્ગા તથા કાઈ કબીલા, ત્રીજી સીઝનમાં ચાવદાર કબીલા, કાઈ કબીલા તેમજ સલ્જુક સલતનતમાં ઉપસ્થિત ગદ્દારોની સ્ટોરી, ચોથી સિઝનમાં સલ્જુક સલતનતમાં ગદ્દારોની સાથે મંગોલ અને પાંચમી સિઝનમાં સલ્જુક તથા મંગોલોને દેખાડવામાં આવ્યા છે. સ્વયં સિરીઝની શરૂઆતમાં ડ્રામાની વિશેષતા જણાવતાં કહેવાયું છે કે, "અર્તૂરૂલ ગાઝી ૧૩મી સદીનાં અનાતોલીયા તુર્કીના ઈતિહાસમાંથી લેવામાં આવેલી એક મહાન ગાથા તથા સમજૂતી છે. ઈમાન, ન્યાય તેમજ પ્રેમની રોશનીમાં લખવામાં આવેલી એક બહાદુર યોદ્ધાની સ્ટોરી જેણે પોતાની દ્રઢતા, હિંમતથી ફક્ત કાઈ કબીલો જ નહિ, બલ્કે સંપૂર્ણ ઈસ્લામી જગતના ભાગ્યને બદલી નાખ્યો. તુર્કીમાં હરતાં ફરતાં કાઈ કબીલાને એક એવા વતનની શોધ હતી, જ્યાં તેમની પેઢીઓ પરવાન ચઢી શકે, કાઈ કબીલાના સરદાર સુલેમાન શાહના પુત્ર અર્તૂરૂલ ગાઝીએ ઈસ્લામનો ઝંડો ઊંચો રાખવા ખાતર તેમના પ્રાણ, ધન દોલત, સગા સંબંધીઓને ખતરામાં નાખીને પોતાના યોદ્ધાઓની સાથે થોડા વર્ષોમાં સલીબીઓ, મંગોલો, સલ્જુક સલતનતમાં ઉપસ્થિત ગદ્દારો અને અન્ય શત્રુ-શક્તિઓને પરાજિત કરી ઈ. સ.

૧૨૮૦માં અર્તૂરૂલના દેહાંત બાદ તેમના પુત્ર ઓસ્માને સલતનતે ઓસ્માનિયાને સ્થાપિત કરી. આ ડ્રામા સિરીઝ ઐતિહાસિક અદાકારો અને ઘટનાઓમાંથી લેવામાં આવી છે.''

આ સિરીઝમાં પહેલી સિઝન ૭૬ એપિસોડ પર આધારિત છે. સ્ટોરીની શરૂઆત હલીમા સુલતાન પર આક્રમણ અને અર્તૂરૂલ ગાઝી દ્વારા તેને બચાવવાથી થાય છે. પહેલી સિઝનમાં વાસ્તવમાં કાઈ કબીલા તથા ઈસાઈઓની વચ્ચેના સંઘર્ષને દેખાડવામાં આવ્યો છે. કાઈ કબીલાના સરદાર સુલેમાન શાહ છે, જે અર્તૂરૂલ ગાઝીના પિતા છે. હાયમા ખાનમ સુલેમાન શાહની પત્ની છે. કાઈ કબીલાનો મુખ્ય વ્યવસાય કાર્પેટ બનાવી વેચવું તથા પાલતુ પ્રાણીઓને પાળવું હતું. આ ૭૬ એપિસોડમાં કાઈ કબીલા તથા સલીબીઓના સંઘર્ષને દેખાડવામાં આવ્યો છે. અંતમાં ઉસ્તાદે આઝમ બનેલ ટાઇટુસનું સલીબી કિલ્લામાંથી નાસી જવા પર અર્તૂરૂલ ગાઝીનો વિજય થાય છે. આ સિઝનનું સમાપન સુલેમાન શાહની મોત તથા હલીમા સુલતાન તથા અર્તૂરૂલ ગાઝીના વિવાહ બાદ થાય છે.

દ્વિતીય સિઝનમાં જેમાં ૧૦૪ એપિસોડ છે, જેમાં કાઈ કબીલા તથા મંગોલની વચ્ચેના સંઘર્ષને દેખાડવામાં આવ્યો છે. આ સિઝનની શરૂઆત કાઈ કબીલા પર અચાનક મંગોલોના આક્રમણથી થાય છે, જેનો કમાન્ડર નોયાન છે. કાઈ કબીલાને લાચાર થઈને દોદુર્ગા કબીલામાં શરણ લેવી પડે છે. દોદુર્ગા કબીલાનો સરદાર હાયમા ખાનમનો ભાઈ છે. બંને કબીલાની સંયુક્ત દેખરેખમાં મંગોલો સાથે સંઘર્ષ યથાવત્ રહે છે. આ મંગોલ સંઘર્ષમાં અર્તૂરૂલ ગાઝીના મામેરા ભાઈને મારી નાંખવામાં આવે છે. આખરે અત્યંત જખ્મી હાલતમાં નોયાનને મરતો સમજીને અર્તૂરૂલ ગાઝી તેના ઘાયલ ભાઈને કાઈ કબીલામાં લાવે છે.

ત્રીજી સિઝનની શરૂઆત ફરી કાઈ કબીલાના પ્રવાસથી થાય છે, જ્યાં ચાવદાર કબીલાની સાથે સામનો થાય છે. આ સિઝનના મુખ્ય પાત્રો સાદેતીન કોપેક, ઉરાલ, બહાઈર, સુલતાન અલાઉદ્દીન વગેરે છે. હાનલી બજાર જે એક બિઝનેસ સેન્ટર છે, જેનો માલિક સિમોન સલીબી છે. તેના પર અર્તૂરૂલ ગાઝી દ્વારા કબ્જો મેળવવામાં આવે છે. આ બજાર આર્થિક ગતિવિધિઓનું કેન્દ્ર તથા આવકનો એક મોટો સ્રોત પણ છે. સાથે કારાજયસાર કિલ્લામાં સલીબીઓના સહયોગથી જમીનદાર સાથે અર્તૂરૂલ ગાઝીનો સંઘર્ષ ચાલુ રહે છે. સલ્જુક સલતનતના આ ક્ષેત્રનાં ગવર્નર સાદેતીન કોપેક વાસ્તવમાં એક ગદ્દાર હોય છે અને સુલતાન અલાઉદ્દીન સમાન પોતાની સરકાર ચલાવવા ઈચ્છે છે.

> **અર્તૂરૂલ ગાઝી ૧૩મી સદીનાં અનાતોલીયા તુર્કીના ઈતિહાસમાંથી લેવામાં આવેલી એક મહાન ગાથા તથા સમજૂતી છે. ઈમાન, ન્યાય તેમજ પ્રેમની રોશનીમાં લખવામાં આવેલી એક બહાદુર યોદ્ધાની સ્ટોરી જેણે પોતાની દ્રઢતા, હિંમતથી ફક્ત કાઈ કબીલો જ નહિ, બલ્કે સંપૂર્ણ ઈસ્લામી જગતના ભાગ્યને બદલી નાખ્યો.**

ચોથી સિઝનમાં સુલતાન અલાઉદ્દીનનું આગમન થાય છે. અર્તૂરૂલ ગાઝી તથા તેના મિત્રો દ્વારા કારાજયસાર કિલ્લા પર વિજય પ્રાપ્ત કરી કબજો કરી લેવામાં આવે છે, જ્યારે કે જમીનદાર એરિસ તથા તીતાન ભાગવામાં સફળ થઈ જાય છે. આ સમય સુધી અસ્લહા ખાતુનના નિકાહ અર્તૂરૂલ ગાઝીના કમાન્ડર તુર્ગુત સાથે થઈ જાય છે. તેમજ થોડા દિવસો બાદ તે ચાવદાર કબિલાનો સરદાર બની જાય છે. આની વચ્ચે બામ્સીને કાઈ કબીલાનો નવો કમાન્ડર બનાવવામાં આવે છે. અમીર સાદેતીન કોપેક સુલતાન અલાઉદ્દીનને ઝેર અપાવીને તેની હત્યા કરાવી નાખે છે અને સાથે તેનો નાનો પુત્ર ક્રિચ અર્સલાનની પણ હત્યા કરી દેવામાં આવે છે તેમજ સલ્જુક સલતનતનો નવો સુલતાન શહેજાદા ગ્યાસુદ્દીન બની જાય છે. સુલતાન તરફથી અમીર સાદેતીન કોપેકના મોતના ગુપ્ત ફરમાન જારી કર્યા બાદ તેના અંજામ સુધી પહોંચે છે. આ જ સિઝનમાં ફરી મંગોલ કમાન્ડર નોયાનનું આગમન થાય છે અને અર્તૂરૂલ ગાઝીની મંગોલો સાથે લડાઈ ચાલુ રહે છે. આ જ સિઝનમાં અર્તૂરૂલ ગાઝીના ત્રીજા દીકરા ઓસમાનનો જન્મ થાય છે અને હલીમા સુલતાન મૃત્યુ પામે છે. સોગુતની તરફ પ્રવાસની સાથે આ સિઝનનો અંત આવે છે.

પાંચમી સિઝનમાં પણ કાઈ કબીલાને દેખાડવામાં આવ્યો છે. આની શરૂઆત ૧૦ વર્ષ પછી થાય છે જ્યારે અલબેલ્ઝા ખાતૂન ઓસમાનને ઘાયલ હાલતમાં લાવે છે. બાદમાં અલબેલ્ઝા ખાતુન સાથે અર્તૂરૂલ ગાઝીની શાદી થઈ જાય છે. સલ્જુક સલતનત ફક્ત નામની રહી જાય છે. અહી મંગોલ કઠપૂતળી બેસાડી દેવામાં આવે છે. આ સિઝનમાં દ્રેંગોસ, અર્તૂરૂલ ગાઝીનો સૌથી મોટો દુશ્મન હોય છે. આ જ સિઝનમાં

**સિરીઝના નિર્માતા ટીમનો દાવો છે કે આમાં વાસ્તવિકતા તથા ઇતિહાસને દર્શાવવામાં આવ્યો છે. આમાં ઇસ્લામી સંસ્કૃતિ, નૈતિકતા, માનવીય મૂલ્યોને દર્શાવવામાં આવ્યાં છે. જ્યારે કે અશ્લીલતા, નગ્નતાથી દુર પરંતુ આકર્ષક, સુંદર, પ્રાકૃતિક તેમજ ઐતિહાસિક દ્રશ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.**

અર્તુરૂલ ગાઝીના પુત્ર ગુંદુઝ અને ઓસમાન યુદ્ધમાં ભાગ લે છે. આ સિઝનના અંતમાં અર્તૂરૂલ ગાઝી એક નવા અભિયાન પર જતાં રહે છે અને અહીં આ સિરીઝનો અંત આવે છે.

સિરીઝના નિર્માતા ટીમનો દાવો છે કે આમાં વાસ્તવિકતા તથા ઇતિહાસને દર્શાવવામાં આવ્યો છે. આમાં ઇસ્લામી સંસ્કૃતિ, નૈતિકતા, માનવીય મૂલ્યોને દર્શાવવામાં આવ્યા છે. જયારે કે અશ્લીલતા, નગ્નતાથી દૂર પરંતુ આકર્ષક, સુંદર, પ્રાકૃતિક તેમજ ઐતિહાસિક દ્રશ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સુંદર પર્વત, ગાઢ જંગલ, નદી, ઝરણાં તેમજ દરિયાના મનમોહક તેમજ સુંદર દ્રશ્યો દર્શકોને સ્ક્રિનની તરફ આકર્ષિત કરે છે. આખી સિરીઝમાં તલવારબાઝી, તીર, ધનુષ્ય તથા ભાલાનો જ પ્રયોગ દેખાડવામાં આવ્યો છે, જે આને રોમાંચક બનાવે છે તેમજ ઇતિહાસ દર્શનની ઝલકો પ્રસ્તુત કરે છે. પાત્રો દ્વારા પ્રયોગ કરવામાં આવેલા વસ્ત્રોની જૂની શૈલી કબીલાઈ જીવનનું સુંદર ચિત્રણ છે.

આ સિરીઝની ખાસ વિશેષતા તેના સંવાદ છે, જે આખી સિરીઝને જીવંત બનાવે છે તેમજ દર્શકોની નસ નસમાં ક્રાંતિનું સંચાર કરે છે. મહત્ત્વપૂર્ણ સંવાદ દરમ્યાન આકર્ષક સંગીતનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. સંવાદ દરમ્યાન ઐતિહાસિક કથાઓ તથા ઘટનાઓનું પણ કનેક્શન નજરે પડે છે. જેમ કે હાબિલ કાબિલની ઘટના, હઝરત યૂનુસ અ.સ.નું માછલીના પેટમાંથી બહાર આવવું, હઝરત યૂસુફ અ.સ.નું કૂવામાંથી બહાર નીકળવા જેવી ઘટનાઓથી અર્તૂરૂલ ગાઝી પ્રેરણા લેતા નજરે પડે છે. આ સિરીઝથી આધ્યાત્મિક શિખામણ, જીવનથી બોધપાઠ, ન્યાયને પ્રાથમિકતા, નિર્દોષ તથા નબળા લોકોની સહાયતા અને ઈશ્વર પર અતૂટ વિશ્વાસ રાખવાની પ્રેરણા મળે છે. એવું નથી કે આના ફક્ત સકારાત્મક પાસાં છે અને આલોચનાઓથી બહાર છે. બલ્કે જેટલી વસ્તુઓ આમાં દેખાડવામાં આવી રહી છે એટલું તો ઇતિહાસમાં પણ જોવા મળતું નથી. સાથે બોલિવૂડ ફિલ્મની જેમ ઘણા બધા ફાજલ દ્રશ્યો પણ દેખાડવામાં આવ્યા છે, જે પ્રેક્ટિકલ લાઈફમાં શક્ય નથી.

ઘણા પાત્રોનું અચાનકથી ગાયબ થઈ જવું, કત્લેઆમના દ્રશ્યો, એક જ ખંજરથી પાંચ વાર મારવા પર પણ પાત્રનું જીવંત રહેવું, ત્યાં બીજી બાજુ ખંજરના એક જ વારથી મરી જવું તદ્દન અતાર્કિક પ્રતીત થાય છે.

આ સિરીઝની પ્રોડક્શન કંપની તકદેન ફિલ્મ છે. જ્યારે કે પ્રોડ્યુસર મેહમત બોઝદેગ છે, નિર્દેશક મતીન ગુને છે. મૂળ રૂપે આ ટર્કિશ ભાષામાં છે. જ્યારે કે મોટા ભાગનું શૂટિંગ તુર્કીના રિવા, ઇસ્તંબુલમાં થયું છે.

મુખ્ય કલાકાર : એન્જિન એલ્ટાન (અર્તૂરૂલ ગાઝી), એસરા બેલ્જિક (હલીમા સુલતાન), સરદાર ગોખાન (સુલેમાન શાહ), હુલિયા દાર્કીન (હાયમા ખાતૂન), મુરાત ગૈરીપાગલો (સાદેતીન કોપેક), સરદાર ડેનિસ (ટાઇટુસ), ઉસ્માન શૌકત (ઇબ્નુલ અરબી), બૈરિસ બેગુ (નોયાન) વગેરે.

આર્ટ તથા કલ્ચર જીવનનો અભિન્ન અંગ છે. સ્માર્ટ ફોનના આગમનથી મનોરંજનના સાધન સુલભ થાય છે. આવામાં સમજદારી રાખનારા મહાનુભવો તથા બુદ્ધિજીવીઓને મનોરંજનના આ નવા મોડેલનો બે ચાર એપિસોડનો આનંદ અવશ્ય લેવો જોઈએ. ⏭


Reg.No. A-7183

Dr. Saba Baloch
B.D.S. (Dental Surgeon)

Dr. Saba Dental Clinic
Multi Speciality Family Dental Care

:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring | Cosmetic Gum Surgery
Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge | Prosthesis Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair

Available on Emergency Trauma Cases 99 98 36 05 03

Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Phone: +91 9998360503 Email: smile@drsabadentalclinic.com
Website: www.drsabadentalclinic.com

બાળજગત

ટૂંકી વાર્તા

# ઘમંડનું પરિણામ


• રજૂ. અબ્દુર્રઝ્ઝાક શેખ


શહેરમાં એક રાજા હતો. એક વખત તે કુર્આન વાંચી રહ્યો હતો. તેણે વાંચ્યું "અલ્લાહ જ ઇજ્જત આપનાર છે અને તે જ બેઆબરૂ કરનાર છે." રાજાએ વિચાર્યું, "હું તો રાજા છું. શું અલ્લાહ મને પણ બેઆબરૂ કરી શકશે?"

થોડા દિવસ પછી રાજા શિકાર કરવા નિકળ્યો. આખો દિવસ હેરાન પરેશાન રહ્યો. પણ કંઈ હાથ લાગ્યું નહીં. રાજાની નજર એક હરણ પર પડી, જે થોડેક દૂર ઘાસ ખાઈ રહ્યો હતો. રાજાને આવતો જોઈ ભાગવા લાગ્યો. રાજાએ પોતાનો ઘોડો તેની પાછળ દોડાવ્યો. તે પોતાના સાથીઓથી વિખૂટો પડી ગયો, પણ હરણ મળવાનો ન હતો તે મળ્યો. રાજા માર્ગ ભૂલી ગયો, છેવટે થાકીને એ વૃક્ષ નીચે પાથરી ઊંઘી ગયો. એવામાં કેટલાક લોકો તેની પાસે આવ્યા, અને તેને ડાકુ સમજી પકડી લીધો. પોતાના સરદાર પાસે લઈ ગયા. તેમનો સરદાર એક મોટો મહેલમાં રહેતો હતો. રાજાને મહેલની એક કોઠડીમાં કેદ કરી દીધો. આમ ને આમ તે બે વર્ષ સુધી કેદ રહ્યો. એક દિવસ તેમના સરદારને એક શિક્ષકની જરૂર જણાઈ, જે તેની દીકરીને કુર્આન ભણાવી શકે. ઘણી શોધખોળ કરી પણ ન મળ્યો. સરદારને જાણ કરવામાં આવી કે કેદી સારી રીતે કુર્આન પઢવાનું જાણે છે. સરદારે ાદેશ કર્યો કે આ કેદી તેની દીકરીને કુર્આન શીખવાડશે.

હવે સાંભળો, કુર્આન પાક ભણાવતા ભણાવતા એ જ આયત સામે આવી જેનો અર્થ છે કે, "અલ્લાહ જ ઇજ્જત આપનાર છે અને બેઇજ્જત કરનાર પણ તે જ છે." આ આયત ભણાવતા જ રાજા રડવા લાગ્યો. એવામાં તે સરદાર પણ આવી ચઢ્યો. પૂછ્યું તું કેમ રડે છે? કેદી રાજાએ પોતાનો સમગ્ર હાલ કહી સંભળાવ્યો. અને કહ્યું, હું ગુનેગાર છું. અલ્લાહે મને મારા ઘમંડની સજા આપી છે. સત્ય છે કે અલ્લાહ ઇજ્જત આપનાર છે, અને અલાહ જ બેઇજ્જત કરનાર છે. આ સાંભળી સરદારના હૃદય ઉપર ઘણી અસર થઈ. તેણે રાજાને ઘોડો અને પોષાક આપી રવાના કર્યો. રાજા હંસી-ખુશી ઘરે પહોંચ્યો. અને બધાને સમગ્ર ઘટના સંભળાવી. રાજાની ઘટના સાંભળી લોકોએ કહ્યું, "અલ્લાહ જ ઇજ્જત આપે છે અને અલ્લાહ જ અપમાનિત પણ કરનાર છે." •








ગુજરાતી ભાષામાં ઇસ્લામી સાહિત્ય

વાંચો અને વંચાવો

બી-૩૦૩, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, જુહાપુરા, અહમદઆબાદ - ૩૮૦૦૫૫




WWW.YUVASAATHI.COM

**Yuvasaathi (Gujarati Monthly)**
B-4, Karishma Complex, Sarani Society Corner, 132 ft. Ring Road, Juhapura,Ahmedabad Gujarat : 380055
yuvasaathi.monthly@gmail.com I www.yuvasaathi.com